॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 8 • Issue : 2 • 5th Sept., 2025 • Price : Rs. 10

સર્વે સ્વજનોને દિપાવલીની શુભેચ્છાઓ તેમજ નૂતન વર્ષાભિનંદન

પૂજ્ય શ્રીમોટાનો ૧૨૮મો જન્મદિન ઉત્સવ તા. ૧૩-૦૯-૨૦૨૫ શનિવાર અને ૨૪-૦૯-૨૦૨૫ રવિવાર

હરિઃ ૐ

હરિઃ ૐ

મારે સમાજને બેઠો કરવો છે

સમાજ મારો ભગવાન (દેવતા) છે

હું સર્વત્ર વિદ્યમાન છું.

આત્મીય સ્વજન શ્રી ....

પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ માટે વર્ષ દરમ્યાન કુલ ચાર ઉત્સવ ઉજવવા મંજૂરી આપેલ. તેમાંથી પ્રાપ્ત થયેલ ભંડોળનો ઉપયોગ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ કરવો. ઉક્ત પરિપેક્ષ્યને લક્ષમાં લઈને હરિઃ ૐ આશ્રમ, નડિયાદ દ્વારા

પૂજ્ય શ્રીમોટાના ૧૨૮મા જન્મદિનનો ઉત્સવ

ઉજવવા માટે અમોને યજમાન તરીકેનો મહામૂલો અવસર પ્રાપ્ત થયેલ છે, તો સર્વે સ્વજનોને તેઓના મિત્રવર્તુળ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ.

-ઃ ઉત્સવના યજમાનશ્રી ઃ-

સ્વ. રમેશચંદ્ર મોહનલાલ ભટ્ટ તથા સ્વ. હર્ષિદાબેન રમેશચંદ્ર ભટ્ટનો સમગ્ર પરિવાર

-ઃ ઉત્સવ તથા ઉતારાનું સ્થળ ઃ-

શ્રી રાજપૂત વિદ્યાસભા - ગુજરાત

શ્રી હરેન્દ્રસિંહ સરવૈયા રાજપૂત સમાજ ભવન, ગોતા-ઓગણજ રોડ,
એસ.જી. હાઈવે ગોતા, અમદાવાદ-૩૮૦ ૦૬૦ ફોન : ૭૩૫૯૪ ૪૪૪૮૮

Google location

-ઃ ઉત્સવ કાર્યક્રમ ઃ-

YouTube LIVE STREAMING

તા. ૧૩-૯-૨૦૨૫, શનિવાર (સાંજે)

બપોરે ૪-૩૦ થી ૫-૦૦	:	પ્રવેશદ્વારથી ગુરુજીની બેઠક સુધી સ્વાગત
સાંજે ૫-૦૦ થી ૭-૩૦	:	લવાછા યુવક મંડળ સુરત હરિઃૐ ધૂન અને ભજનો
સાંજે ૭-૩૦ થી ૯-૦૦	:	પ્રસાદનું આયોજન

તા. ૧૪-૯-૨૦૨૫, રવિવાર (સવારે)

૭-૦૦ થી ૭-૩૦	:	ચા/કોફી, અલ્પાહાર
૭-૩૦ થી ૧૧-૦૦	:	નમ્રતા સોની તેમજ સંગીતવૃંદ દ્વારા નિત્ય પ્રાર્થના, હરિઃૐ ધૂન, ભજનો અને આરતી
૧૧-૦૦ થી ૧૧-૩૦	:	પૂજ્ય શ્રીમોટા વિશે ડૉ. કૌશિકભાઈ મહેતા ઉદ્‌બોધન કરશે.
૧૧-૩૦ થી ૧૨-૦૦	:	આશ્રમનો અહેવાલ, આભારવિધિ
૧૨-૦૦ થી ૧૨-૩૦	:	ગુરુવંદના (અર્પણ વિધિ) મહાપ્રસાદ

નોંધ : તા. ૧૩-૯-૨૦૨૫ ને શનિવારે બહારગામથી આવનાર સ્વજનોને ઉતારાના સ્થળે રાત્રિ રોકાણ માટે તેઓની સંખ્યા તા. ૧૧-૯-૨૦૨૫ (સાંજના ૬-૦૦) સુધીમાં નીચે જણાવેલ નંબર પર વ્હોટસએપ સંદેશો મોકલીને તેમજ ફોનથી વાત કરવા વિનંતી.

અલ્કેશ આર. ભટ્ટ (એડવોકેટ) : ૯૮૨૫૦ ૪૮૮૯૧, જયશ્રીબેન આર. ત્રિવેદી : ૯૩૨૮૭ ૪૩૧૧૮

એએમટીએસ બસ કાલુપુરથી ૧૩૭ નંબર

એએમટીએસ બસ લાલ દરવાજાથી ૭૧/૧ નંબર

જનેતાને અંજલિ (મંદાક્રાન્તા)

બનારસ, તા. ૬-૩-૧૯૪૩

જે માતાએ નિજ ઉદરમાં ભાર સેવ્યા કરીને, કષ્ટો વેઠી નવજીવનનો આપિયો જન્મ વિશ્વે;
એ માતાને જીવનમહીં મેં કૈં ન સંતોષ દીધો, ને આઘાતો વળી ઉપરથી કૈંક આપ્યા કરેલા.

(શિખરિણી-મંદાક્રાન્તા)

છતાં જેણે મારી પર હૃદયમાં ન અસંતોષ આણ્યો,
ગણી વ્હાલો હૈયે સગવડ મને દીધી શી માર્ગ પ્રત્યે;
ઘણું વેઠ્યું પોતે જગત-જનની-શી ટીકા તેં સહી મા !
અમોને તેં તો મા ! કદી નથી દીધું આવવા એવું કૈં મા !

તને પૈસે પૂરી સુખી નવ કરી, તારી મા ! પૂરી આશા
ફળાવી એકે ના કદી પણ શક્યા-શું અમે પુત્ર પાક્યા !
રહ્યો' તો મારામાં મુજ જીવનની ધૂનમાં મસ્ત હું ને
જરાયે આપ્યું ના તુજ પર કદી ધ્યાન મેં કોઈ વાતે.

તને ઓછું આવે ત્યમ જગતમાં વર્તવાનું બન્યું'તું,
છતાંયે તેં માડી ! અમ શિર પરે હાથ રાખ્યો કૃપાળુ;
સહી લીધું જાતે પણ દુભવવા ના દીધાં તેં અમોને,
કઈ રીતે તારું ઋણ પતવવું ના સૂઝે મૂર્ખને તે.

હતા આશીર્વાદો તુજ અમ પરે પામિયા તેથી લ્હાણ,
છીએ આજે જે કૈં અમી નજરનું તે પરિણામ સ્પષ્ટ;
અમોને આપીને તુજ જીવનથી માનવી જન્મ રૂડો
ગણાવું શા તારા અમ પર બધા જીવને ઉપકારો.

કઈ રીતે ભૂલું જનનિ, તુજને ! પ્રેમ-કલ્યાણ વાળું
મને તો લાગે છે તુજ બિરદ મા ! શ્રેયને આપનારું;
જ તાં તેં ના વાર્યો ધરી મુજ કને તારી મુશ્કેલીઓને
પછી મૂંગે મોઢે સહન કરવું જાણ્યું મા ! માત્ર શું તે ?

ગરીબીમાં કેવી તુજ જીવન મા ! આખુંયે ગાળ્યું તોયે
ન બૂમો પાડી કે અવર સમીપે રોદણાં ના રડ્યાં તેં;
થતી જ્યારે દુઃખી અતિશય **મને*** ને અસંતોષ સાલ્યે
બખાળા કાઢ્યા છે અમ વિષયમાં, શો છતાં પ્રેમ હૈયે !

શકું જો સંતોષી મુજબ જીવનથી હું તને માડી પૂરું,
શકું જો દીપાવી તુજ જીવનથી નામ તારું મધુરું;
શકું જો ફેલાવી જીવન સુરભી એક તારી કૃપાએ,
જીવ્યું મારું તો હું સફળ ગણું ને શો કૃતાર્થી થવાયે !

કૃપાદૃષ્ટિ તારી અમ પર સદા રાખતી માડી ! રે'જે,
અમોને પ્રેરાવ્યાં જીવન કરજે શ્રેયને માર્ગ ખંતે;
જતાં ઊંધું ક્યાંયે વલણ, અમને વાળજે માર્ગ સીધે;
અમારામાં તારું જીવન પૂરતું ખીલજો ભાવમાં તે !

* મનમાં

— જીવન સંદેશ આવૃત્તિ-૭ પૃષ્ઠ ૨૩૨, ૨૩૩

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

હરિઃૐ આશ્રમ, નડિયાદ

આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮
પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭
રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧

લવાજમ

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

પ્રકાશન સ્થળ : હરિઃૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

અનુક્રમણિકા

ક્રમ	વિષય	લેખક	પૃષ્ઠ
૧.	સાધનામર્મ-૩ ક્રમશઃ	– રમેશ ભટ્ટ	૫
૨.	‘રાગદ્વેષ’ વિશે	– પૂ. શ્રીમોટા	૬
૩.	શ્રીમોટાનું કર્મપ્રધાન વસિયતનામું	– શ્રી વાસુદેવ મહેતા	૭
૪.	“પૂજ્ય શ્રીમોટાને જીવવા દઈએ”	–હરિ-વંદના (કુંભકોણમ)	૧૦
૫.	પ્રકૃતિ પલટાવનાર પ્રેમાવતાર પૂજ્ય શ્રીમોટા	– ધીરૂભાઈ મોદી	૧૩
૬.	સંત શ્રીમોટા અને ગાંધીજી	– મોહનભાઈ દેસાઈ	૧૫
૭.	ઈન્ટ્યૂશન અને ઈન્સ્પીરેશન (સ્ફુરણા અને પ્રેરણા)	– શ્રીમોટા	૧૭
૮.	ભાવબ્રહ્મનું નિરૂપણ	– શ્રી કેશવલાલ જી. ત્રિવેદી (વેદાન્તશાસ્ત્રી)	૨૩
૯.	સમૃદ્ધિ વિષે (પૂજ્ય શ્રીમોટાનું ઉદ્‌બોધન)	સંકલન : સ્વ. ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ	૨૬

હરિઃૐ આશ્રમ, નડિયાદ અને હરિઃૐ ગુંજન
સર્વે સ્વજનોને
દિવાળીની
શુભકામનાઓ અને સહૃદયથી
નૂતન વર્ષાભિનંદન
પાઠવે છે.
શ્રીહરિ મોટા સર્વે સ્વજનોનું યશકલ્યાણ પ્રેરે
એવી હૃદયપૂર્વકની પ્રાર્થના.
ટ્રસ્ટીમંડળ

સાક્ષીભાવ, જાગૃતિ; વિચારોની સાંકળ ન જોડો

'સાધનામર્મ'ના આ સૂત્ર વિષે એના ક્રમમાં થોડા ફેરફાર સાથે વિચાર કરવો જોઈએ. કેમ કે **શ્રીમોટાની સાધનાપદ્ધતિમાં સૌથી પહેલું સ્થાન જાગૃતિનું છે.** આથી સૌપ્રથમ જાગૃતિ વિશે સમજવું જોઈએ. **આપણે આપણા રોજિંદા વ્યવહારમાં જાગૃત તો છીએ, પરંતુ એ જાગૃતિ સ્થૂળ છે.** ઊંઘ દરમિયાન આપણે સ્વપ્નસૃષ્ટિમાં રાચીએ છીએ અને જાગી ગયા પછી આપણને સ્પષ્ટ થાય છે કે ઊંઘમાં જે થયેલું અને ભોગવેલું એ સાચું ન હતું. **તો પછી અત્યારે જાગ્યા પછી આપણે જેવું જીવીએ છીએ એય સાચું જીવન નથી. આપણે જેવું જીવીએ છીએ એ જીવન પ્રકૃતિના પટમાં વહેતું અને કર્મસંસ્કારોથી ધકેલાતું અજ્ઞાનમય જીવન છે. એથી એમાં હર્ષ-શોક, સુખ-દુઃખ, જેવા દ્વંદ્વો આપણે અનુભવીએ છીએ.** આ દ્વંદ્વની જ ભીંસ આપણા જીવનમાં છે. એ ભીંસ શેને લીધે છે ? એમાંથી કેવી રીતે છૂટી શકાય ? એ વિષેના વિચારો આપણને અવારનવાર આવ્યા કરે છે. પરંતુ એવા વિચારોથી અથવા એ પ્રશ્નોથી આપણને આપણા હાલના જીવનથી ઊંચા જીવન વિષે સ્પષ્ટતા થતી નથી.

પ્રકૃતિના પટમાં વહેતું આપણું આ જીવન એ સાચું ભાસતું હોવા છતાં એ જ સાચું નથી. કેમ કે એમાં સતત ફેરફારો છે. કશું જ શાશ્વત નથી. આથી પ્રકૃતિથી પર તથા દ્વંદ્વાતીત જીવનની ઊર્ધ્વ અવસ્થા છે એ આપણે સ્વીકારવું જોઈએ. આપણા રોજિંદા જીવનમાં આપણે દુઃખ, કલેશ, અશાંતિ, કંટાળો, વગેરે અનુભવીએ છીએ. એમાંથી બહાર આવવા આપણી જે કામચલાઉ મથામણો હોય છે એ માનસિક હોય છે અને એ ગોઠવણો પણ થોડોક સમય રાહત આપી અને તૂટી જતી હોય છે. છતાં આપણને ઊર્ધ્વ જીવન તરફ જવાની વૃત્તિ સળવળે છે.

ઊર્ધ્વજીવન પ્રત્યે ગતિ કરવી એટલે પ્રકૃતિ અને સંસ્કારથી ધકેલાતા જીવનથી ઊંચી દિશામાં ચઢાણ કરવું. મતબલ કે સ્વભાવ અને પ્રકૃતિથી પર એવા આત્માના જીવનને પામવું. આવું જીવન પામવાનું લક્ષ્ય આપણામાં સ્પષ્ટ અને દૃઢ બને પછી આપોઆપ આપણી દૃષ્ટિ એવા જીવન પ્રત્યે ખુલતી જાય. હાલના આપણા જીવનમાં ઊર્ધ્વજીવન પ્રત્યેની દૃષ્ટિ ખુલવી એ જાગૃતિનું એંધાણ છે, છતાં એ પૂરી જાગૃતિ નથી. જેમ ઊંઘમાંથી સાચી રીતે જાગેલો માણસ દિશા ભૂલતો નથી એમ આત્માના જીવનમાં પ્રવેશવા માટે જાગૃત થયેલો માણસ એ દિશાને સતત ધ્યાનમાં રાખે છે. આવી જાગૃતિ પ્રાપ્ત થાય ત્યારથી સાધનામય જીવનમાં પ્રવેશાય છે. **શ્રીમોટાની દૃષ્ટિએ ધ્યેય પ્રત્યેની જાગૃતિ વિનાની કોઈપણ પ્રકારની સાધના એ સાચા અર્થમાં સાધના જ નથી.** મતલબ કે હાલના પ્રકૃતિના પટમાં વહેતા જીવનની જે જાગૃતિ છે એના કરતાં આ પ્રકારની જાગૃતિ ઊર્ધ્વ છે. તેથી સંસાર વહેવારની આ સાવધાનીવાળી જાગૃતિની સાથે સાથે ઊર્ધ્વ જીવન પ્રત્યે જાગૃત રહેવાનું આપણે કેળવવું જોઈએ.

શ્રીમોટાના સાધનાક્રમમાં ત્રણ અવસ્થાઓ આવે છે : (૧) તટસ્થતા, (૨) સમતા, (૩) સાક્ષીભાવ. આ ત્રણેય અવસ્થા એ આત્માના અનુભવ તરફ લઈ જનારી ક્રમિક અવસ્થા છે. આમ હોવા છતાં "સાધનામર્મ"ના આ સૂત્રમાં સાક્ષીભાવ પહેલો રાખવાનું સૂચવાયું છે. **આ સ્થળે સાક્ષીભાવનો પ્રાથમિક અર્થ સમજવાનો છે. આધ્યાત્મિક જાગૃતિથી કેળવાયેલો જીવ પોતાના અંતઃકરણોની ગતિવિધિ જુએ છે અને ઓળખે છે. તેમજ એમાં લેપાયા વિના પોતે એનો સાક્ષી હોય એ રીતે એને પસાર થવા દે છે. આ અર્થમાં આપણે સાક્ષીભાવનો અર્થ સમજવાનો છે.**

સાધનામાં પ્રવેશ કરનારને સૌ પ્રથમ મનના

વિચારોનો પરિચય થાય છે. **આપણે જ્યારે નામસ્મરણનું સાધન ઉપયોગમાં લઈએ છીએ ત્યારે મનમાંથી વિચારો ઊભરાય છે.** આ વખતે આપણે અજાગૃત હોવાથી મૂંઝવણ અનુભવીએ છીએ કે ભગવાનનું નામ લેવાથી મન ઊલટું વધારે અશાંત બની રહ્યું છે. મનમાંથી આ વિચારો ઊભરાય છે. એના કારણ પ્રત્યે આપણે અજાગૃત છીએ. એથી આપણને આવી મૂંઝવણ થાય છે.

આટલા માટે આધ્યાત્મિક જાગૃતિ એ સૌથી પહેલી અનિવાર્યતા છે. આપણામાં જો આ પ્રકારની જાગૃતિ કેળવાઈ હોય તો મનમાંથી વિચારો ઊભરાવાનું કારણ આપણને સમજાશે. આપણા ચિત્તમાં અનેક જન્મોના સંસ્કારો સંગ્રહાયેલા છે. એ સંસ્કારો મનના વિચારો દ્વારા બહાર આવે છે. ભગવાનનું નામ લેવાથી એ સંસ્કારો વિચારો મારફત વહી જવા તત્પર હોય છે. સામાન્ય રીતે આપણે એમ બોલીએ છીએ કે **''આપણને ઘણા નકામા વિચારો આવે છે.'' પણ એનો મર્મ એવો છે કે ભગવાનના નામની શક્તિથી વિચારો 'આવતા નથી, પણ જઈ રહ્યા હોય છે.'** આવી વેળાએ જાગૃતિથી જ આપણે ટકી શકીએ છીએ અને દૃઢ બનીએ છીએ. એટલા માટે **શ્રીમોટાએ આવી પળે આવતા વિચારો સાથે સાંકળ ન જોડવાનું સૂચવ્યું છે.** આ સૂચન ઘણું માર્મિક છે.

મોટે ભાગે આપણા મનમાંથી જાગતા એક વિચાર સાથે આપણે એને અનુરૂપ બીજા વિચારથી જોડાઈએ છીએ. **એકાએક આવતો વિચાર એ સંસ્કારના ઉદયનું પરિણામ છે. અને એને અનુરૂપ જોડાતો બીજો વિચાર એ આપણા મનની કલ્પનાનું પરિણામ છે.** આથી શ્રીમોટા ''વિચારો''ની સાંકળ ન જોડવાનું સૂચવે છે. **''વિચારો''ની સાંકળ ન જોડાય એ માટે જાગૃતિ જરૂરી અને એ જાગૃતિની સાથે સાથે ઊભરાતા વિચારોને પસાર થવા દેવા સાક્ષીભાવ જરૂરી.** એક વિચાર સાથે બીજા વિચારની સાંકળ ન જોડાય એવી ક્ષણો જેમ જેમ વધતી જાય તેમ તેમ સાચા અર્થમાં મનના વિચાર-તરંગો શાંત પડે. એ સાથે મનને સમજાવતા પટાવતાં એ મન ધીમે ધીમે પ્રભુસ્મરણમાં રસ લેતું થાય.

અનુસંધાન પેજ નં. ૨૬ ઉપર

૨. 'રાગદ્વેષ' વિશે — પૂ. શ્રીમોટા

- રાગમાંથી રાગ જ જન્મે છે જીવને દ્વેષ-ભૂમિકા;
  રાગ અને દ્વેષનું તેથી દ્વંદ્વ જોડકું તહાં.
- જીવ-કક્ષા તણો રાગ પોતાની માગણી થકી;
  —જ્યાં સંતોષ ન પામે છે, જન્મતો દ્વેષ તે થકી.
- સ્મરણ, પ્રાર્થના હૈયે તેથી નિત્ય કર્યાં જવાં;
  ઊણપ આવવા દેવી તેમાં જરા ન દિલમાં.
  આ સૌ વર્ણવ્યું, તેનો હેતુ છે માત્ર એટલો;
  કે આમ વર્તવાથી તો રાગદ્વેષ ઘટે સો.
- જીવદશા વિશે ઊંડું અહં સંપૂર્ણ હોય છે;
  રાગદ્વેષ તણું મૂળ અહં તે તું પ્રમાણજે.
- એકત્વ-ભાવનું ખૂન રાગદ્વેષ સદા કરે.
- ઉત્તમોત્તમ હો કર્મ શા રાગ-દ્વેષ કિંતુ ત્યાં;
  —કેવું ઊંધુ વળાવે છે, પ્રત્યક્ષ તે પ્રમાણ્યું છે.
- શા રાગદ્વેષ એવા તો સંપૂર્ણ હણવા ઘટે;
  જીવન-હીર લૂંટી લે તેવા તત્પર હોય છે.
- રાગ ને દ્વેષને ડાકુ તેથી ગીતા મહીં ગણ્યા;
  'જીવન' છે કમાવાનું જેણે, તે છોડવા રહ્યા.
- રાગદ્વેષ પડ્યા વિના મોળા જીવનશ્રેયનું —
  —કર્મ સધાવું મુશ્કેલ, જાતે અનુભવી લખ્યું.
- રાગદ્વેષ સંપૂર્ણ થવા નિર્મૂળ તે શક્ય ના;
  માનવીનું ગજું તેમાં કોઈ પ્રકારનું જ ના.
- ભાવે સદ્ભાવ ધારંતાં સૌ સાથ, હળવા બને.
- રાગદ્વેષ જ સંપૂર્ણ જીવન થકી ટાળવાં;
  —અભ્યાસમાત્રમાં પૂર્ણ દિલ પરોવવું સદા.
  ઉપાય ઉચ્ચ છે એ જ જીવનમાં શ્રેષ્ઠ માત્ર તે.
- કૃપાથી જ્યાં મળેલા છો, આપને દિલ પ્રાર્થના
  થવાને રત અભ્યાસે દિન-રાત કરો મથ્યા.
- તેથી ઘટાડવાનો તે (રાગદ્વેષ), સદ્ભાવ ઘટવો હૃદે.
- ટાળવાં રાગ ને દ્વેષ ભાવ-વૃદ્ધિ ઉપાય છે.
  સાધનામાં થતાં મગ્ન-લગ્ન, મોળા પડે જ છે.
- તેથી ભગાડવા તેને ભોક્તા માત્ર ઉપાય છે,
  કૃપાથી આશરો લૈને મથાયું કેવું જીવને.
- 'મળ્યાં' જો જીવને છીએ, 'મળ્યાં'નો હેતુ પ્રીછીને;
  —ભાવ સમર્પતા રહેજો, એટલી પ્રાર્થના જ છે.

૩. શ્રીમોટાનું કર્મપ્રધાન વસિયતનામું

– શ્રી વાસુદેવ મહેતા

શ્રીમોટાનો ૮૮મો જન્મદિન એમના પ્રેમીઓએ તાજેતરમાં જ અમદાવાદમાં ઊજવીને એમના વિચાર તથા વાણીને યાદ કરી શ્રદ્ધાંજલિ આપી. **તેઓ કોઈ ગાદી સ્થાપી ગયા નથી. નિયમિત લવાજમ માટે કોઈ સંપ્રદાય ઊભો કરી ગયા નથી અને મિલકતો તથા વારસદાર પણ મૂકી ગયા નથી. એમણે દાન તો પુષ્કળ લીધેલાં પણ એ તમામ પૈસા સમાજને પાછા આપતા ગયા છે.** કુલ એક કરોડ ઉપરાંતનાં દાન યુવકો, મહિલાઓ, વિજ્ઞાન, કલા, સાહિત્ય, સાહસવૃત્તિ, શૌર્ય, ખેલકૂદ, ગુજરાતી ભાષા, ગુજરાતીમાં માહિતી ગ્રંથો' વગેરેને આગળ બઢાવવા તથા બિરદાવવા માટે મૂકી ગયા છે. કેવળ પૈસાને મહત્તા આપતા ગુજરાત માટે શ્રીમોટાનું આ એક જ કામ પ્રભાવિત કરી દે એવું છે. **ગુજરાતનાં ગામડે ગામડે પ્રાથમિક શાળાઓમાં ઓછામાં ઓછો એક ઓરડો બાંધી આપવા માટે પણ મોટું ભંડોળ એમણે મૂક્યું છે.**

કંઈક સારું કામ કરવું છે પણ સ્વામી વિવેકાનંદ દૂર પડે છે તથા ગાંધીજીમાં મન ચોંટતું નથી એવા માણસોએ શ્રીમોટાની જીવનપદ્ધતિનો પરિચય કરવાથી પોતાની ઝંખનાનો કદાચ જવાબ મળી જશે. કારણ કે તેઓ આધુનિકો સાથે વધુમાં વધુ ગાઢ રીતે જોડાયેલા હતા.

શ્રીમોટા અધ્યાત્મવાદી હતા. પરંતુ એથી ક્રિયાશીલ જીવનમાં માનતા ભૌતિકવાદીઓએ નિરાશ થવાની જરૂર નથી. **એવા સંત તેઓ હોત તો ભક્તિઘેલા ગુજરાતમાં બે-ચાર ભવ્ય મંદિરો સ્થાપીને સ્વામીજી બની બેઠા હોત. પરંતુ તેમણે તો આવા મઠવાદ, આશ્રમવાદ, સ્વામીવાદ વગેરેનો વિરોધ કરીને તેનું નિર્દય ખંડન કરવા સતત અનુરોધ કર્યો છે.** જગતને માયા ગણીને તેનાથી દૂર ભાગવાનો ઉપદેશ આપતા તથા મોક્ષના એકલપેટિયા આદર્શવાળા અધ્યાત્મવાદને વટાવી જઈને તેઓ કટ્ટર નવમાનવતાવાદી તથા ભૌતિકવાદી બન્યા હતા. એ રીતે મોટા પરમ અધ્યાત્મવાદી ગણાય.

નામસ્મરણનો મહિમા, ગુરુની વાણી તથા સ્પર્શથી શિષ્યના માનસના અણુએ અણુનું ગુણાત્મક પરિવર્તન, મૌનના ચમત્કાર વગેરે આધ્યાત્મિક ખાતે જતા એમના અનુગ્રહોની વાત અહીં કરવાથી એમને ન ઓળખતા આધુનિક સમાજમાં ગેરસમજૂતી ઊભી થવાનો સંભવ છે. એમને 'સ્વામીજી' તરીકે ઓળખ્યા કે તરત એમને વિશેની મહત્ત્વની વાતના દરવાજા બંધ થઈ જવાના. **પોતાની ચેતનાનો વિકાસ જે પ્રકારે થયો એ દર્શાવવાનું આપણા સહુમાં સ્વભાવગત છે. એ રીતે શ્રીમોટાએ પણ પોતાની કેડી બતાવી છે. ઠીક લાગે તો એના પર ચાલીને અનુભવ કરો એટલું જ તેમણે કહ્યું છે.** વધારે ઘૂંટ ઘૂંટ કર્યું હોત તો 'સ્વામીજી' બની જાત અને આપણી વાત એટલેથી પૂરી થાત.

ઈશ્વરનો સાક્ષાત્કાર, કુંડલિની જાગૃતિ, ચેતનાની વૃદ્ધિ તથા ઊર્ધ્વીકરણ, નામસ્મરણના ચમત્કાર વગેરે વિશે શ્રીમોટા કહી ગયા તે અધ્યાત્મપંથી સાધકો માટે ઉપયોગનું હશે. છતાં એનું મહત્ત્વ અને તેનાં જે ફળ હશે તે વ્યકિતગત હોય છે. એનાથી વ્યકિતનું કલ્યાણ થાય પણ સમાજનું મહત્ત્વ એને ખાતર ફંડફાળા આપવા પૂરતું જ રહે છે. શ્રીમોટાના એ પાસાને વધારે આગળ કરવાથી મને લાગે છે કે શ્રીમોટાનું અસલ વ્યક્તિત્વ બતાવી નહિ શકાય અને સમાજને લાભ નહીં થાય.

આધુનિક કાળની બે જ વ્યકિતઓ શ્રીમોટાના વર્ગમાં છે ! સ્વામી વિવેકાનંદ તથા ગાંધીજી. એ બેમાં રસ પડે તેને શ્રીમોટા વિશેના અભ્યાસથી પ્રેરણા તથા આનંદ વધશે.

સમાજવાદીઓ તથા સામ્યવાદીઓએ પણ નોંધ લેવી જોઈએ કે શ્રીમોટા આધુનિક ગુજરાતના અદ્યતન તથા મોટા ભૌતિકવાદી હતા. કૉંગ્રેસ, ભા.જ.પ., રિપબ્લિકન પક્ષ વગેરે પણ નોંધ લે કે શ્રીમોટાનો મેનીફેસ્ટો આ કોઈનાથી ઊતરે તેવો નથી. કોઈ આધ્યાત્મિક સંપ્રદાય કે ડાબેરી યા જમણેરી રાજકીય પક્ષ શ્રીમોટાના મોડલ કરતાં ગુજરાતનો વધુ સારો મૉડલ આપી શક્યા નથી.

સમાજવાદ, સામ્યવાદ અને ગાંધીવાદ આધુનિકમાં આધુનિક છે. શ્રીમોટાના ઉપદેશ તેમ જ પ્રવૃત્તિઓ તથા કર્મોને 'વાદ' કહીએ તો એમનો વાદ

ઉપરના ત્રણ વાદના જેટલો આધુનિક હતો, પ્રજામાં ભાવ અને ગુણની વૃદ્ધિને ગુજરાતની ઉન્નતિના અંગે મતભેદ છે. પણ આપણી વાત અને મહત્ત્વની વાત ગુણવૃદ્ધિ માટેની પદ્ધતિની કે કરામતની છે.

ગાંધીવાદ પાસે રાજસત્તા ન હતી; હોત તોપણ ધાક કે શિક્ષાનો માર્ગ ગાંધીજી કદી ન લેત. **ગુણવૃદ્ધિ માટે નૈતિકધાર્મિક ભાવની વ્યકિતગત ગતિશીલતા પર તેમણે આધાર મૂક્યો છે. ઉચ્ચ આદર્શો તથા સ્વજાગૃતિથી ગુણવૃદ્ધિ આપોઆપ થતી રહે એમ એમણે બતાવ્યું.**

ગાંધીજી પાસે રાજયસત્તા ન હતી પણ પક્ષનું સંગઠન હતું. જ્યારે શ્રીમોટા પાસે ન મળે રાજયસત્તા કે ન મળે સંગઠન. સંગઠન ઊભું કરવાની શક્તિ પૂરેપૂરી હતી પરંતુ મઠ, આશ્રમો, સેવાસંસ્થાઓ અને પક્ષો વગેરે સંગઠનોની દુર્દશા જોઈને તેઓ એનાથી દૂર રહ્યા અને તેમનો ભય જરા પણ ખોટો કે વધુ પડતો ન હતો. **તેથી તેમણે સમાજમાં ગુણવૃદ્ધિ માટે પ્રેરણા, સન્માન તથા પ્રોત્સાહનનો માર્ગ લીધો.**

ગુણવૃદ્ધિ માટે પસંદ કરેલા ગુણમાં પણ ગાંધીવાદ તથા સામ્યવાદ સાથે આશ્ચર્યજનક એકતા છે. તેમણે એક કરોડથી વધુ રૂપિયાનાં દાન જે જે પ્રવૃત્તિઓમાં ઉત્તમ ગુણને તથા સિદ્ધિઓને બિરદાવવા માટે આપ્યાં તેને સમગ્રતયા જોવાથી ગુજરાત વિશેની તેમની કલ્પના આપોઆપ ખડી થાય છે.

એમણે એવું ગુજરાત ઝંખ્યું છે, જેમાં યુવકો ખડતલ હોય અને સાહસિક તથા પરાક્રમી હોય; જેઓ દરિયો ખેડવો, પર્વતારોહણ, ખેલકૂદમાં વિક્રમો તોડવાના શોખીન હોય. જેમાં સ્ત્રીઓના દેહ સુદૃઢ હોય, ચિત્ત નિર્ભય હોય, રમતગમતમાં પ્રવીણ હોય અને આધુનિક માનસની હોય. જેમાં કૃષિવિજ્ઞાનીઓ એવા હોય જે ગુજરાતની ખેતીમાં વધારે સારા પાક માટે નવા નવા પ્રયોગોમાં પરોવાયેલા હોય.

જેમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ અને રોગ તથા ઔષધ ઉપચારશાસ્ત્રમાં એવા વિજ્ઞાનીઓ હોય જે ઉદ્યોગો તથા ખેતી માટે નવી નવી શોધ કરી સમૃદ્ધ બનાવે તથા રોગનો નાશ કરીને પ્રજાને નીરોગી બનાવે. જેમાં સાહિત્યકારો તથા કલાકારો પણ એવા હોય જે જીવનોપયોગી સર્જનો કરીને સંસ્કારવૃદ્ધિ કરે તથા પ્રજાની રસવૃત્તિ ખીલવીને ઊંચે લઈ જાય.

જેમાં ગુજરાતની પ્રજામાં જ્ઞાન અને માહિતીનો વધારો કરવા માટે વિદ્વાનો અદ્યતન જ્ઞાનકોષ (એનસાઈક્લોપીડિયા) રચે, જેમાં બાળકો માટે ઉચિત સાહિત્યનું સર્જન કરનાર વિશિષ્ટ લેખક શિક્ષણશાસ્ત્રી, કલાકાર વર્ગ હોય.

જેમાં ગરીબો માટે સારાં, સસ્તાં ઘરની ડિઝાઈનો તથા બાંધકામની અવનવી સામગ્રી માટે ઈજનેરોમાં હરીફાઈ ચાલતી હોય. જેમાં ઉદ્યોગોમાં નવી ટેક્નોલૉજી તથા નવા ઉપકરણો યોજનારા ઈજનેરો ટેક્નોલૉજિસ્ટો હોય.

આવા ગુજરાતની કલ્પના શ્રીમોટાની હતી. પ્રોત્સાહન અને ગુણીજનોના સન્માનની તેમની નીતિ પ્રમાણે વિજ્ઞાન, સાહિત્ય, કલા, ઈજનેરી, ટેક્નોલૉજી, ઉદ્યોગો, ખેતી, યુવાવર્ગની અને મહિલાઓની પ્રવૃત્તિઓ, બાળકોના ઘડતર તથા વિકાસ અંગે નોંધપાત્ર સિદ્ધિઓ બતાવનાર માટે કેટલાંય પારિતોષિકો, ચંદ્રકો તથા તેમની સંસ્થાઓને સહાય માટે તેમણે પ્રબંધ કર્યો છે. આ રીતે હરિઃૐ આશ્રમના નામે પ્રતિ વર્ષે થતાં દાનનાં ટ્રસ્ટોની કુલ રકમ એક કરોડ રૂપિયાથી વધુ છે.

શાળાઓમાં એક એક ઓરડો બાંધી આપવાની તેમની ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે અત્યાર સુધીમાં લગભગ એક કરોડ રૂપિયા વપરાયા હશે. (આજની તારીખ સુધીમાં અંદાજે નવથી દસ કરોડ રૂ. વપરાયા છે. - માનદ્ તંત્રીશ્રી) **શ્રીમોટાનો આ વારસો છે અને તે માટે તેમના ઉદ્‌બોધનો તેમનું વસિયતનામું છે. તેમણે કોઈ મંદિર ચણાવ્યું નથી કે કોઈ ગાદી સ્થાપી નથી કે તેમના પ્રશંસકોનું સંગઠન ઊભું કર્યું નથી. એ માટે તેમની સાફ ના હતી. ઉપરની પ્રવૃત્તિઓ માટેનાં ટ્રસ્ટોનો વહીવટ ટ્રસ્ટીઓએ પાઈ પણ લીધા વગર જાત ઘસીને જ કરવાનો છે.** મૃત્યુ વિશે પણ પોતાની ફિલસૂફી પ્રમાણે નિશ્ચિત વિચાર કરી રાખ્યો હતો. તેમને જ્યારે લાગ્યું કે, એમનો દેહ જેટલી સેવાઓ લે છે તેટલી સેવાઓ આપી શકતો નથી.. **સમાજને આપવા કરતાં વધુ શક્તિનો વ્યય** દેહને ટકાવવામાં થાય છે. **ત્યારે નિશ્ચિત સમયે અને નિશ્ચિત રીતે તેમણે દેહત્યાગ કર્યો. પોતાને માટે ઈંટ-ચૂનાનું કે કોઈ પણ પ્રકારનું સ્મારક ઊભું ન કરવાની તેમની કડક સૂચના હતી. માત્ર તેમનો માર્ગ સમજવો હોય તેમને માટે પૂરતું સાહિત્ય મૂકી ગયા છે.**

છતાં તેમને પ્રિય લાગતું હશે એ રીતે સમજીને

પ્રશંસકોએ એમનો ૮૮મો જન્મદિન અમદાવાદમાં ઊજવ્યો. એમને પ્રિય લાગે તેવી ઉજવણી કરી ? **સમાજમાં ગુણવૃદ્ધિ તથા ભાવવૃદ્ધિ તથા ભાવવૃદ્ધિને બિરદાવવા તથા પ્રોત્સાહન આપવાની યોજનાઓ માટે શ્રીમોટાના વારસામાં તમારા પૈસા આપો ! શ્રીમોટાના અસ્તિત્વનું કોઈ ભૌતિક ચિહ્‌ન આજે ક્યાંય નથી. માત્ર તેમને એટલે 'હરિઃૐ આશ્રમ'ને નામે તેમનાં કામ ચાલે છે.**

હરિઃૐ આશ્રમ, નડિયાદને મળેલ દાન

જૂન - ૨૦૨૫	રૂ. ૨,૧૫,૯૬૦/-
જુલાઈ - ૨૦૨૫	રૂ. ૮,૦૭,૭૧૩/-

હરિઃૐ ગુંજનને આર્થિક સહયોગ

(૧) વિણાબહેન એમ. શાહ અમદાવાદ રૂ. ૧૦૦૧/-

(૨) રજનીભાઈ જાની, નરોડા રૂ. ૧૦૦/-

ગયેલા આત્માને શ્રદ્ધાંજલિ

(૧) સુરત નિવાસી ભીમજીભાઈ નાથાભાઈ નાકરાણીનું તા. ૨૪-૫-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.

(૨) અમદાવાદ નિવાસી મયુરભાઈ ઇંદુભાઈ પટેલનો દેહાંત તા. ૫-૬-૨૦૨૫ના રોજ થયેલ છે.

(૩) નમ્રતાબહેન પ્રતિકભાઈ ઠક્કર, રહેવાસી નડિયાદનો તા. ૨-૭-૨૦૨૫ના રોજ દેહવિલય થયેલ છે.

(૪) પૂજ્ય શ્રીમોટાને સદેહે જોયા ન હોવા છતાં, તેઓએ પૂજ્યશ્રીનું શરણું સ્વીકારેલ. હરિઃૐ આશ્રમની નિયમિત મુલાકાત લેતાં તેમજ પૂજ્યશ્રીમાં રત રહેનાર તથા તેઓશ્રીના વચનાનુસાર પરમાર્થ કરનાર, નામસ્મરણની ધૂનમાં હોંશથી ભાગ લેનાર તદ્‌ઉપરાંત જેઓના પત્ની રચિત ભજન **"ગુરુ વિનાએ જ્ઞાન અમને કોણ રે આપે... આજ રે મોટાના શબ્દો બહુ યાદ આવે, શ્રીમોટા બહુ યાદ આવે"** જે ભજનને સાંભળતા જ સ્વજનો ભાવવિભારે થઈ જવાય એવા શ્રીમોટાના પરમ ભક્ત ભાનુભાઈનું નાયકનું અવસાન તા. ૬-૮-૨૦૨૫ના રોજ અમદાવાદ મુકામે થયેલ છે.

(૫) પૂજ્ય શ્રીમોટાને સૌ પ્રથમ વખત પગે લાગવા ગયા ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે પગે લાગે મેળ નહિ પડે, સમાજ માટે કંઈક કામ કર, ફાળો ઉઘરાવ. ત્યાર બાદ પૂજ્ય શ્રીમોટાના આ આદેશથી સાઈકલ ઉપર ફરી ફરીને સ્વજનોની જન્મ તારીખ મુજબ એક રૂપિયો, બે રૂપિયા જેવી નાની નાની રકમ મેળવી હરિઃૐ આશ્રમ માટે એક લાખ રૂપિયાનો ફાળો ઉઘરાવી આપનાર તથા પૂજ્ય શ્રીમોટાના બીજા આદેશ પ્રમાણે તને શરમ ના આવતી હોય તો નામસ્મરણનો જેટલો ચેપ લગાડાય તેટલો લગાડજે. તે મુજબ બે કલાક, ચાર કલાક, બાર કલાકનો હરિઃૐ નામસ્મરણનો ચેપ ઘેર ઘેર લગાડનાર એવા આદરણીય **શ્રી જયંતીભાઈ જાનીનાં દીકરી ઉર્વશીબહેન હર્ષદભાઈ ઉપાધ્યાય**નું તા. ૧૦-૮-૨૦૨૫, રવિવારના રોજ અવસાન થયેલ છે.
ઉર્વશીબહેન ખૂબ સરળ, ઉત્સાહી, ઉદ્યમી અને માયાળુ સ્વભાવના હતાં. તેઓ હરિઃૐ આશ્રમ, નડિયાદ તથા સુરતના મૌનમંદિરમાં ૨૧ દિવસ ઘણી વખત બેસતાં, ક્યારેક તેમની સાથે હર્ષદભાઈ પણ અવારનવાર બન્ને સાથે જ મૌનમાં બેસતાં. ઉર્વશીબહેનને બબ્બે વખત બ્રેઈન ટ્યૂમરની સર્જરી બાદ માંદગીમાં પણ સવારે પાંચ વાગ્યે ઊઠીને એકાંતમાં બેસીને નામસ્મરણ કરતાં હતાં. **'પૂજ્ય શ્રીમોટા સારું કરશે'** એવું બધાંને કહેતાં. પરમ કૃપાળુ શ્રીહરિ સદ્‌ગત આત્માનું કલ્યાણ કરે તેવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

સર્વ શક્તિમાન શ્રીહરિ મોટા તમામ સદ્‌ગતને શાંતિ અને કલ્યાણ અર્પે તેવી પ્રાર્થના.

૪. ‘‘પૂજ્ય શ્રીમોટાને જીવવા દઈએ’’

– હરિ-વંદના (કુંભકોણમ)

પૂજ્ય શ્રીમોટા સાથે વર્ષોનો પરિચય જેણે કેળવ્યો હોય, તેવાએ **પૂજ્યશ્રીનાં નીચેનાં વાક્યો સાંભળ્યા વિના રહેવાનું ના બન્યું હોય, ‘‘ભૈલા ! મારું હૃદયથી શું કામ ખૂન કર્યા કરો છો ?’’** આ પ્રશ્નનો જવાબ દરેક વ્યક્તિએ પોતપોતાની રીતે મેળવવાનો રહે છે.

એક પ્રસંગ યાદ આવે છે. પૂજ્યશ્રીના દેહત્યાગનાં થોડાંક વર્ષે પહેલાં, ગુરુપૂર્ણિમા નિમિત્તે, તેઓ કુંભકોણમ્ પોતાના આશ્રમે પધારેલા ત્યારે બનેલી વાત છે. શ્રી અરવિંદ આશ્રમવાળાં સદ્‌ગત ડૉ. કુ. કમુબહેન પટેલ પૂજ્યશ્રીને મળવા આવતાં અને એક વાર તેમની સાથે આશ્રમમાં કામ કરતાં અને સહચારી બહેનો પણ આવેલાં. વહેલી સવારે પૂજ્યશ્રી જ્યારે લખવા બેસે તે વખતે સાથે બધાં બેઠાં અને સૌએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે, હરિઃૐ આશ્રમમાં જોડાઈને, પૂજ્યશ્રીનું માર્ગદર્શન જીવનના ઉત્થાન માટે મેળવવું. આટલું સાંભળતાં બસ, પૂજ્યશ્રી જુસ્સામાં આવીને બોલી ઊઠ્યા કે, **‘‘બહેનો ! ધગધગતા અગ્નિ જેવી શ્રી અરવિંદની ચેતના જ્યાં છે ત્યાં જો તમો કશું પામી ન શક્યાં હો તો, હું તો એક તણખલા જેવો માણસ છું; તમે મારી પાસેથી શું પ્રાપ્ત કરી શકશો ?** તમારું નિમિત્ત શ્રી અરવિંદ આશ્રમ સાથે જોડાયેલું છે અને તમારી પ્રગતિ તે નિમિત્તથી જ થઈ શકશે; માટે કૃપા કરીને મારી પાસે આવવાની વાત ના કરશો.’’ આ સાંભળી ઉપસ્થિત રહેલાં સૌ કોઈ અવાક થઈ ગયાં કે કેવી અને કેટલી નમ્રતા !!

આટલું વાંચતાં પૂજ્યશ્રીનું બીજું વિધાન યાદ આવે છે કે **‘‘ભૈલા ! ભગવાન કાંઈ ખુલ્લો છે ખરો ? તેની રચનાથી, સૌન્દર્ય સૃષ્ટિથી આપણે તેને અનુભવી શકીએ છીએ પણ તે તો છૂપો જ રહેલો છે ! તો પછી તેના ગુણધર્મો આપણે આપણામાં વિકસાવવા હોય, અને તેની સાથે તાલ મિલાવવો હોય તો, આપણે જેવી ને તેવી બાબતમાં ખુલ્લા ન થવાય. આમાં ‘‘આપણે ખુલ્લા ન થવાય’’ તેનો અર્થ એમ ઘટાવી શકાય કે આપણે આપણી જાતને કેન્દ્રમાં રાખીને બધું ન વિચારાય ને ન કરાય !** આપણા જીવનમાં સૌંદર્યસૃષ્ટિમાં જેમ છે તેમ, સુસંવાદિતા પ્રગટેલી હશે તો તેની સુવાસ આપણા સંપર્કમાં આવનારાં અનુભવ્યા વિના રહી શકતાં નથી. એટલે પૂજ્યશ્રીનું પોતાનું જીવન આપણા તેમનાં સ્વજનો માટેનું માર્ગદર્શન છે.

પૂજ્યશ્રીની બીજી વિશિષ્ટતા એ હતી કે કોઈ પણ વ્યક્તિ સાથે, નિમિત્ત રૂપે, સંબંધમાં આવે ત્યારે તે વ્યક્તિનાં સૌ કુટુંબીજનો સાથે દિલથી હળીમળી જતા અને તે સૌની ખબર-અંતર ખૂબ ભાવથી રાખતા. આથી કરીને તે વ્યક્તિને પોતાના ઘરમાંથી સૌ રીતે સરળતા પ્રાપ્ત થઈ શકે અને તેના પૂજ્યશ્રી પરત્વેના સંબંધમાં ઘરની કોઈ પણ વ્યક્તિની પ્રકૃતિ બને ત્યાં સુધી અડચણ ઊભી ન કરે તેવું બનતું. આમ છતાં પણ કોઈ કોઈના ઘરમાંથી કરીને આવા નિમિત્ત સંબંધમાં વાંધો આવે તેમ હોય તો પૂજ્યશ્રી પત્રો અને સંદેશા દ્વારા તેવી અડચણ કરનાર વ્યક્તિને પોતાના હૃદયપૂર્વકના નમસ્કાર વ્યક્ત કરીને તેની પ્રકૃતિને બને તેટલી મોળી પાડવાનું કરતા. **મળેલી વ્યક્તિ પોતે પોતાની કૌટુંબિક, સાંસારિક ફરજો બજાવ્યા પછી જ આશ્રમના કર્મમાં રસ લે તેવો આગ્રહ પૂજ્યશ્રી રાખતા.** એટલે મુદ્દાની વાત એ કે **પોતાનાથી કરીને કોઈ પણ વ્યક્તિના ઘરમાં વિસંવાદ ન જન્મે તેની સંપૂર્ણ કાળજી રાખતા.** જો સ્વજનો તરીકે આપણે તેમના ચેતન સાથે તાલ મિલાવવો હોય, કે કાંઈ પ્રાપ્ત કરવું હોય તો આ દાખલો પણ આપણે આપણા જીવનમાં ઉતારવા જેવો છે.

કૌટુંબિક સંબંધોમાં પણ નાનું કે મોટું એક-બીજાની, વર્ષો પર્યંત પડેલી પ્રકૃતિના કારણે સુસંવાદિતા પ્રકટાવવામાં મુશ્કેલી અનુભવે ત્યારે પૂજ્યશ્રીનું કથન વારંવાર યાદ કરીને, આવતા જન્મનાં નિમિત્તોને મોળાં પાડવાનું કરીશું તો તેટલી પ્રગતિ આ જન્મે કરી તેમ ગણાશે. **"હજી જ્યાં સુધી આપણે જીવદશામાં છીએ ને પ્રકૃતિની રમતમાં ભેરવાઈ જઈએ ત્યાં સુધી તો અવ્યક્તપણે જે ચેતન આપણા અંતરમાં રહેલું છે એને છતું કરવાના સાધન તરીકે આપણે દરેક જીવમાં એના આંતરિક સ્વરૂપમાં એના પરત્વે સદ્ભાવ ને ગુણને જોઈ એ રીતે આપણે પ્રવર્તવાનું રહે છે. જો તેમ કર્યા કરીશું તો જીવ જીવ સાથેનું સંઘર્ષણ ઓછામાં ઓછું થયા કરશે; ને થશે તોય આપણને તો નહીં થાય, બીજાને આપણાથી કરી થશે, પણ તેની મુદ્દલે અસર આપણા જીવનમાં તો જાગેલી નહીં હોય. તેથી તેવા વલણના કશા આઘાત-પ્રત્યાઘાત આપણામાં ઊઠી શકવાના નથી. એવું થતું અનુભવાય તો જાણવું કે આપણામાં તટસ્થતા જામતી જાય છે."** (જીવન-સોપાન, આવૃત્તિ ૧૯૫૨, પાનું. ૨૬૮)

આજકાલ સમાજમાં એક નવો વાયરો ફૂટી નીકળ્યો છે કે બનતા પ્રસંગને મહત્ત્વ આપવા કરતા પોતાનું સ્થાન તે પ્રસંગમાં કેટલું મહત્ત્વનું છે તેનો આગ્રહ રાખવો અને તેવા સંઘર્ષના કારણે આપણે જ્યાં જોઈએ ત્યાં આજે આપણને વિસંવાદિતા જ લાગ્યા કરે છે. તો પૂજ્ય શ્રીમોટાના જીવનનો એક પ્રસંગ આપણને પ્રેરણા આપે તેવો છે. જ્યારે મુ. નંદુભાઈએ સાધના કરવા પૂજ્યશ્રીનું માર્ગદર્શન સ્વીકારવાનું શરૂ કર્યું, ત્યારે ત્રિચિનાપલ્લી (દક્ષિણ ભારત)માં આ માટે, ગામથી થોડે દૂર પરામાં, કીરાપટ્ટી તેનું નામ, અલગ ઘર ભાડે રાખીને પૂજ્યશ્રી સાથે રહેતા હતા. મુ. નંદુભાઈ પોતાના મામાશ્રી ગોપાલદાસ મહેતા સાથે ભાગીદારીમાં હીરાનો વેપાર કરતા. ગોપાલદાસ મામાને, મુ. નંદુભાઈએ ચોક્કસ વડીલ ગણેલા; પણ મામાને પૂ. શ્રીમોટા જેવા કોઈ ઓલિયા સાથે મુ. નંદુભાઈ રહે તે બધું ન ગમે. તે વખતે મુ. મામાના મોટા દીકરા શ્રી હસમુખભાઈનાં લગ્ન થયાં અને તે અંગેનો સમારંભ ત્રિચીમાં, પેઢીના મકાનમાં રાખેલો. તે સમારંભમાં હાજર રહેવા મુ. મામાએ ભાણાભાઈને આમંત્રણ આપેલું પણ ભાણાભાઈએ જેમને ગુરુ માનેલા તેમને આમંત્રણ નહોતું આપ્યું. આથી મુ. નંદુભાઈને સ્વાભાવિકપણે ખોટું લાગેલું, અને પૂ. શ્રીમોટાને જણાવેલું કે તેઓ તે સમારંભમાં હાજરી નહીં આપે. ત્યારે પૂ. શ્રીમોટાએ ખૂબ જ ભાવથી મુ. ભાઈને સમજાવ્યા કે મહત્ત્વ તે પ્રસંગનું છે, પોતાનું નહીં. ઉપરાંત આમંત્રણ ન હોવા છતાં પોતે પણ હાજરી આપશે તેમ કહીને મુ. નંદુભાઈને લઈને સમારંભમાં ગયેલા. સાથે પૂ. શ્રીમોટાને જોઈને મુ. ગોપાલદાસ મામાને ગમેલું નહીં એટલે વિશેષ આગતાસ્વાગતા પણ નહોતી કરી, પણ પૂ. શ્રીમોટા, નંદુભાઈના દિલમાં જરાય દ્વેષ ઉત્પન્ન ન થાય તેની પૂરી કાળજી રાખીને વર્તેલા. તે પછી તે જ ગોપાલદાસ મામા પૂજ્યશ્રીના અનુયાયી બનેલા અને કુંભકોણમ્ મૌનમાં વારંવાર બેસતા અને વેપારી માણસ હોવા છતાં ભક્તિનાં ભજનો પણ રચેલાં અને જીવનના અંત સમયે પ્રભુનું નામ લેતાં લેતાં દેહ છોડ્યો હતો. **એટલે મુદ્દાની વાત એ છે કે જીવનમાં આવી મળેલા પ્રસંગોનું મહત્ત્વ હોય, નહીં કે આપણું. વિસંવાદનું મૂળ કારણ આપણે જેમાં ને તેમાં આપણી જાતને જ કેન્દ્રમાં રાખીને જોવા ટેવાયેલા છીએ તે છે.**

"બનતો પ્રસંગ" સાધકના જીવનમાં કેટલો મહત્ત્વનો છે તે **સમજાવતાં પૂજ્યશ્રી કહે છે, "જેવા પ્રકારનું જીવન હવે જીવવું છે, એના પર પ્રત્યેક પ્રસંગથી કેવી અસર પડશે તેનો તટસ્થતા, સમતાપૂર્વક, શાંતિથી, ધીરજથી વિવેકવિચાર કરીને જો તેવા પ્રસંગમાં તે જીવ તે રીતે વર્તે તો તે પ્રસંગ તેને ગુરુરૂપ બને છે. પ્રસંગ**

આપણને ઘણું ઘણું શીખવે છે. તે જો અંતરની આંખ ખુલ્લી હોય તો નવી સમજણ પ્રગટાવે છે, આપણી પ્રકૃતિનાં દર્શન કરાવે છે. ભૂલ થતી હોય તો તે પણ બતાવે છે ને સુધારવાનું પણ બતાવે છે. આગળનું ડગલું કેમ ભરવું તે પણ બતાવે છે. અનાદિ કરણોનું યોગ્યપણું તારવી શકવાનું બને છે. આમ પ્રસંગ એ જીવનનું સોપાન છે. તેથી પ્રસંગને મેં અનેક વાર ગુરુ ગણેલો છે. તેથી પ્રસંગથી જે ચેતે, સમજે, ને આંખ ઉઘાડવાનું કરે તે સાચો સાધક છે એમ સમજવું ને જાણવું.'' (જીવન-પ્રવેશ, પહેલી આવૃત્તિ, પાનું ૭૫)

પૂજ્યશ્રીના જીવનની ત્રીજી વિશિષ્ટતા એ હતી કે આશ્રમના નિમિત્તે થયેલા કોઈપણ સંબંધોનો પોતાની અંગત સમૃદ્ધિ માટે ઉપયોગ નહોતા કરતા. **ભગવાન જેમ ભક્તનું સાચવે તેમ સ્વજનોનાં નાનાં મોટાં કામો કર્યા હશે પણ અંગત રીતે કોઈનો પણ ઉપયોગ નથી કર્યો. તેમ જ પૈસાની કે વસ્તુની લોલુપતા નથી સેવી.** એવો એક પ્રસંગ તો આ લેખકની સાક્ષીએ બનેલો. મુંબઈમાં જે. એમ. બક્ષી નામની કંપની પ્રખ્યાત છે, જેની એક શાખા મદ્રાસમાં પણ છે. તેમના એક શેઠ શ્રી ભગવાન કોટકે પૂજ્યશ્રીને વિનંતી કરી કે તેઓ દક્ષિણમાં પધારે ત્યારે મદ્રાસ તેમના મુકામે પધારવું. તે પ્રમાણે બક્ષી કંપનીવાળાની મોટર પૂજ્યશ્રીને કુંભકોણમ્ આશ્રમે તેડવા-મૂકવા પણ આવેલી. ત્યારે મદ્રાસ તેમના મુકામે રહીને, કુંભકોણમ્ આવવા વહેલી સવારે બે વાગ્યે પૂજ્યશ્રી તૈયાર થઈને બેઠેલા, અને શ્રી ભગવાન કોટક અને તેમનાં ધર્મપત્ની બંને ખૂબ ભાવથી પૂજ્યશ્રીને વળાવવાં ઊભાં થયાં ત્યાં પૂજ્યશ્રીની નજર કોટક સાહેબના કાંડા ઉપર રોલેક્સની સોનાની ઘડિયાળ ઉપર પડી. પૂજ્યશ્રીએ આવી ઘડિયાળ, જેને પોતાના હૃદયની ભાવનાના પ્રતીકરૂપે ભેટ આપી છે તે વ્યક્તિ પણ ત્યાં હતી, એટલે બોલી ઊઠ્યાં, ''ભાઈ ! જો તારી ઘડિયાળ જેવી જ સાહેબે પણ પહેરી છે !'' આ સાંભળીને, કોટક સાહેબે ભાવાવેશમાં આવી પોતાની ઘડિયાળ ઉતારીને તેઓ પૂજ્યશ્રીને ભેટ આપવા લાગ્યા પણ પૂજ્યશ્રીએ ખૂબ જ સિફતથી તે ના લીધી. તે પછી મોટર ઊપડી ત્યારે પૂજ્યશ્રીએ, પોતાની સેવામાં રહેનાર સ્વજનને કહ્યું કે, **'ભાઈ ! તને વારંવાર એમ લાગે છે કે આ મોટો આખો દિવસ પૈસા પૈસા કરીને ફર્યા કરે છે. તો હવે આ પ્રસંગથી સમજ કે મોટો કંઈ લોલુપતાથી ભરેલો નથી !' આ પ્રસંગ એટલો સચોટ અને અંગુલિનિર્દેશવાળો છે કે જો આપણે સ્વજનોએ પૂજ્યશ્રીની ચેતના સાથે તાલ મિલાવવો હોય તો, આશ્રમ થકી અને પૂજ્યશ્રી થકી જે જે સંબંધો થયેલા છે તેમાં આપણી અંગત સમૃદ્ધિ ન સેવીએ !**

પૂજ્યશ્રીએ કેટલા ભાવથી આ સંદેશો સમાજને પોતાની કૃતિ 'જીવન-અનુભવ-ગીત'માં (પાનું ૪૭૬) આપ્યો છે.

''અમારે જે સંબંધો છે, કશા અંગત ન તે તે છે,
પ્રભુ પ્રીત્યર્થના કર્મે અમારે હોમના ખપ તે—
કૃપાથી કર્મનો યજ્ઞ અમે શો આદરેલો છે;
અને આહુતિ દેવાને બધાં જે તે મળેલાં છે !

હૃદય પ્રવેશવા સાધન અમારે પ્રકૃતિ શી છે,
ચરણમાં વાળવાનો કો' અમારો હેતુ પ્રીછે છે ?

મળેલા સાથ જીવનની અમારી પ્રીત પુરાણી છે;
હૃદયથી પ્રાર્થી, તે સૌને ચરણમાં હોમવાનાં છે !''

પૂજ્યશ્રીના ગુણ અને ભાવ સાથે તાલ મિલાવીને, તેમને આપણાં હૃદયમાં જીવતા રાખીએ; તે જ સમાજની મોટી સેવા ગણાશે.

('હરિવાણી' જાન્યુઆરી, ૧૯૮૪, પૃ. ૧૭-૧૮)

(આ લેખના લેખક હરિ-વંદના તે હરિભાઈ પૂજ્ય શ્રીમોટાના એક જન્મના ગુરુ હતાં અને વંદના બહેન તે કલ્પના ભરતના બહેન થાય. અને તેઓશ્રી કુંભકોણમ્‌નો આશ્રમ સંભાળતા હતા. - માનદ્‌તંત્રી)

૫. પ્રકૃતિ પલટાવનાર પ્રેમાવતાર પૂજ્ય શ્રીમોટા – ધીરુભાઈ મોદી

પરમ પૂજ્ય શ્રીમોટા અંદાજે ૧૯૬૯ની સાલમાં મારા જીવનમાં પધાર્યા ને મને સદ્ભાગી બનાવ્યો. પૂજ્યશ્રી મારા જીવનમાં પધાર્યા તે પહેલાં હું ઘણા ભ્રમ અને જડ માન્યતાઓ સેવતો હતો. પૂજ્યશ્રી મારા જીવનમાં ધસમસતા પૂરની જેમ પ્રવેશ્યા. તેમની સાથેની પ્રથમ જ અંગત મુલાકાતમાં પંદર મિનિટમાં વર્ષો જૂના મારા ભ્રમો અને જડ માન્યતાઓનું કૃપા કરી તેમણે ખંડન કર્યું. **'બધાંયમાં મારો વ્હાલો 'હું' બિરાજે છે તેથી બધાંને જ ખૂબ ખૂબ પ્રેમ કરો.'** આ એમનો ખાસ ઉપદેશ છે તેમ સમજ્યો છું.

પૂજ્યશ્રી મારા જીવનમાં પધાર્યા ત્યારબાદ ટૂંક સમયમાં જ બે વિશિષ્ટ પ્રસંગો મારા જીવનમાં બન્યા, જેને લીધે એમની જ કૃપાથી એમના પ્રત્યે મને ઘણું આકર્ષણ થયેલ. આ પ્રસંગો બન્યાને પણ આજે દસ વર્ષ ઉપરનો સમય થઈ ગયો છે. પ્રસંગો નીચે મુજબ છે.

(૧)

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે જાણીતી આર. આર. શેઠની કંપનીમાં હું નોકરી કરું છું. તેઓ મારા મામા થાય છે. ૧૯૫૬માં મામાઓની ભાગીદારી છૂટી થઈ અને સહુથી મોટા મામાએ એ. આર. શેઠની કંપની શરૂ કરી. આ ભાઈઓની ભાગીદારી છૂટી થઈ તેમાં કંઈક અંશે હું પણ નિમિત્ત બનેલો તેથી મોટા મામા તેમ જ તેમના કુટુંબ સાથે મારે કૌટુંબિક તકલીફ ઊભી થઈ, તે એવી જડબેસલાક કે લગભગ પંદર પંદર વર્ષના વહાણાં વાઈ ગયાં છતાં એમની સાથેના તૂટેલા સંબંધો સાંધી શકાયા નહોતા — એવો માનસિક ક્લેશ થઈ ગયેલ. દરમિયાન જાણીતા સાહિત્યકાર અને સમાજ સુધારક મુ. શ્રી ઈશ્વરભાઈ પેટલીકર મને સમજાવ્યા કરતા કે તમારે સંબંધો જોડવા જોઈએ પણ તેમની સલાહ પર હું ધ્યાન આપતો નહીં. પરંતુ પૂજ્ય શ્રીમોટા મારા જીવનમાં પધાર્યા બાદ અને તેમનું થોડુંક સાહિત્ય વાંચ્યા બાદ મને થયું કે મારે મોટા મામાના કુટુંબ સાથે સામેથી જઈને, ગમે તે પક્ષની ભૂલ કે ગેરસમજથી ભલે સંબંધો બગડ્યા હોય, પણ મારે જ માફી માગીને તેમની સાથે સંબંધ જોડવો જોઈએ. તે માટે પૂજ્ય શ્રીમોટાની પરબની પ્રવૃત્તિનું શુભ નિમિત્ત લઈને મારા સ્વર્ગસ્થ મોટા મામાના જ્યેષ્ઠ પુત્ર મુ. શ્રી હરકિશનભાઈ પાસે ગયો. સર્વ પ્રથમ તેમની માફી માગી અને ગઈ ગૂજરી ભૂલી જવા વિનંતી કરી. પછી પૂ. શ્રીમોટાની થોડી વાત કરી અને પરબની પ્રવૃત્તિ સમજાવી તેમાં પૈસા આપે તેવી વિનંતી કરી. બીજી જ સેકંડે તેમણે ચેકબુક કાઢી મારી માંગણી મુજબ ચાર પરબનો રૂ. પાંચસો ને એકનો ચેક ખૂબ જ પ્રેમપૂર્વક આપ્યો, અને પંદરથી પણ વધુ વર્ષોના તૂટેલા કૌટુંબિક સંબંધો જાણે કદી તૂટ્યા જ ન હતા એવા સંધાઈ ગયા અને આનંદ આનંદ પ્રવર્ત્યો.

(૨)

બીજો પ્રસંગ મારાં પૂ. બા વિશેનો છે. હું મારી બાનો એકનો એક જ પુત્ર છું. મારા પિતાજીનો સ્વર્ગવાસ થયો છે. મારું કુટુંબ ખૂબ જ નાનું હોવા છતાં મારા કુટુંબજીવનમાં શાંતિનું નામ નહોતું. ગુજરાતી સમાજમાં સાસુ વહુના ઝઘડા એ ખૂબ જ સામાન્ય બાબત છે. જાણે કે ગુજરાતી કુટુંબ સાથે એ જડાઈ ગયેલ છે.

પૂજ્ય શ્રીમોટા અમારા જીવનમાં પધાર્યા બાદ **મારાં પૂ. બાએ 'મૌનમંદિર'માં જવાનું નક્કી કર્યું. 'મૌન'માંથી આવ્યા બાદ તરત જ મને કહે, 'ભાઈ, મારે તને થોડી વાત કરવી છે. નિરાંતે બેસાય તો કરું.'** મેં થાય છે કરીને બે-ત્રણ દિવસ કાઢી નાખ્યા. રોજ બે-ત્રણ વાર યાદ કરાવે કે 'ભાઈ, વાત ક્યારે કરીશું ?' હું કહેતો કે થશે. મારા મનમાં બીક હતી કે પોતે મૌનમાં જઈ આવ્યાં છે તેથી હવે બહુ સુધરી ગયાનો દાવો કરશે ને મને ને મારી પત્નીને ઉપદેશ આપવા માંડશે કે, જુઓ આમ ભક્તિ કરવી જોઈએ ને તેમ કરવી જોઈએ, વગેરે શિખામણ આપવા માંડશે ને તેનાથી વળી એક નવી રામાયણ ઊભી થશે કે 'જુઓ, હું મૌનમાં જઈને કેવી ભક્તિ કરી આવી અને તમે તો કંઈ કરતા નથી.' આ વિચારે હું વાત ઠેલતો હતો.

પણ ત્યારબાદ એક દિવસ રાત્રે બહારથી આવીને લગભગ સાડા દસ વાગ્યે કહે કે 'તું તો

કંઈ મારી વાત સાંભળતો નથી. મારે ક્યારે વાત કરવી ?' મેં મનમાં વિચાર્યું કે મુશ્કેલી તો આવવાની જ છે. ક્યાં સુધી ઠેલીશું ? પછી કહ્યું કે હમણાં જ કહો. મને કહે, 'તારી વહુને બોલાવ. મારે તમને બન્નેને વાત કરવી છે.' પછી બંનેને પાસે બેસાડ્યાં ને પોતે સામે બેઠાં. મને મનમાં તો મોટો ધ્રાસકો પડેલ કે હમણાં ડાહી ડાહી શિખામણનો ધોધ વરસશે અને વાતાવરણ વધુ બગડશે. પણ મારા અત્યંત આશ્ચર્ય વચ્ચે **સાઠ ઉપરની ઉંમરનાં મારાં બા એક ત્રણ-ચાર વરસનું નાનું બાળક એની માના ખોળામાં સૂઈને રડે તેમ મારા ખોળામાં લગભગ સૂઈ ગયાં ને ધ્રુસકે ને ધ્રુસકે કંઈ રોયાં છે કે શું વાત કરું ? મને કહે કે 'મારા એકના એક દીકરાને ને વહુને બહુ જ દુઃખ દીધું છે અને આટલાં વરસોમાં જરાયે નિરાંતે રહેવા દીધાં નથી. મેં ભયંકર ગુનો કર્યો છે. હું તમારી બહુ મોટી ગુનેગાર છું.'** મારે માટે આ એક તદ્દન અણધાર્યો, અત્યંત સુખદ અનુભવ હતો. મારાં બા સ્વર્ગવાસી થાય ત્યાં સુધી તેમની પ્રકૃતિમાં સહેજ પણ ફરક થાય તેવી મને સ્વપ્ને પણ આશા ન હતી. તેમાંથી અચાનક આ પલટો અનુભવાયો અને હું ગદ્‌ગદ્ થઈ ગયો. પૂજ્ય શ્રીમોટાના ઊપદેશને યાદ કરી મેં તેમને આશ્વાસન આપતાં કહ્યું કે **પૂજ્ય શ્રીમોટા કહે છે તેમ ભૂતકાળને ભૂલી જાવ. ભૂતકાળની ભૂલોને વાગોળ્યા ન કરો. પણ હવે ફરી એ ન બને તેની તકેદારી જરૂર રાખો.**

મારા કુટુંબજીવનની અશાંતિ જેમ અમારાં સંગાં-સ્નેહીઓમાં જાણીતી હતી તેવી જ જાણીતી આ પ્રકૃતિ પલટાની વાત પણ બધે થઈ ગઈ; કારણ કે મેં અત્યંત ઊલટભેર અને ખૂબ ખૂબ ઉત્સાહપૂર્વક આ વાત બધાને કહી કે **પૂજ્ય શ્રીમોટા અને તેમના 'મૌનમંદિર'નો પ્રતાપ જુઓ, કેવો છે !**

મેં કોઈક જગ્યાએ એવું કંઈક વાંચેલું કે જન્મનો અંધ હોય તેને લાખો કરોડો માઈલ દૂરના સૂક્ષ્માતિ સૂક્ષ્મ આકાશના તારાનાં દર્શન કરાવવાનું શક્ય છે; જન્મથી અપંગ હોય તેને એવરેસ્ટ વિજેતા બનાવવો શક્ય છે પણ પ્રકૃતિ ફેરવવી અશક્ય છે. પણ **પૂજ્ય શ્રીમોટાએ કૃપાથી એ વસ્તુનો અનુભવ મને કરાવ્યો કે એમના જેવા મહાન યોગીની કૃપા થાય તો પ્રકૃતિ પણ બદલી શકે છે.**

ત્યારબાદ પણ મારાં પૂ. બા ઘણી વાર મૌનમાં જઈ આવ્યાં છે. અનુભવે એમ સમજાય છે કે **પૂજ્ય શ્રીમોટાનો, મૌનનો અને ભક્તિનો સતત સંપર્ક જરૂરી છે કારણ તો જ જન્મોજન્મના પડી ગયેલા ખોટા સંસ્કારો અને ખરાબ સ્વભાવ કે પ્રકૃતિ પર ધીમે ધીમે કાબૂ આવી શકે છે, અન્યથા નહીં.**

પૂજ્ય શ્રીમોટા કહે છે કે **'માણસમાં પોતાનામાં જ એટલા દુર્ગુણો અને દોષો ભર્યા પડ્યા છે કે એને બીજાના દોષ જોવાનો સમય મળે છે એ જ મને નવાઈ લાગે છે. પોતાના દોષ જોવા માંડે તો આખી જિંદગી ક્યાંય પૂરી થઈ જાય તોય પાર ન આવે.'** આ વાતને અનુલક્ષતો મહાન સંત પરમ પૂજ્ય શ્રી કબીર સાહેબનો દોહરો યાદ આવે છે :-

"બૂરા દેખન મૈં ગયો, બૂરા ન મિલા કોઈ,
જો મન દેખા અપના, મુઝસા બૂરા ન કોઈ."

જો માણસ બીજાના દોષ જોવાનું બંધ કરી પોતાના દોષ જોવાનું શરૂ કરે ને તેને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરે તો ? તો તો પૃથ્વી પર સ્વર્ગ જ ઊતરે ને!

આવો, પરમ પૂજ્ય કર્મયોગી શ્રીમોટાના સંપર્કમાં આવવા સદ્‌ભાગી થયેલાં આપણે સહુ આજે તેમનાં ચરણમાં પ્રાર્થના કરીએ કે એમની કૃપાથી આજથી જ આપણે આપણા દોષ જોવાની અને તેમને નિર્મૂળ કરવાના શુભ પ્રયત્નની નિષ્ઠાપૂર્વક શરૂઆત કરીએ.

હરિઃૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

"જીવનમાં જે જે લોહીના સંબંધ થયેલા છે તે કર્મ પ્રારબ્ધના અંગે કરીને છે. કેટલાક સંબંધો ગયા જન્મોની અસરને લીધે બહુ જ ઓછા પ્રમાણમાં મળતા હોય છે. પરંતુ આપણી વૃત્તિઓને લીધે પછીથી ઘણા વધારી મૂકીએ છીએ; એટલે જે સંબંધ નૈસર્ગિકપણે મળેલો હોય તે સંબંધને આપણે જો નકારીએ કે તેના યોગ્યપણામાં ન વર્તીએ તો તે કર્મપ્રારબ્ધ કંઈ ફીટી શકવાના નથી. ..... પણ આપણા એ સંબંધમાં એટલે કે પ્રત્યેક સંબંધમાં જો ભગવાનના ભાવની ધારણા રાખ્યા કરીશું તો જીવનમાં રસ જરૂર પડશે જ અને તેવી ધારણા રાખ્યા કરવાથી તે તે સાથેનાં કર્તવ્યોમાં પણ તે તે વ્યક્તિ પરત્વેનો રાગદ્વેષ, મોહ, મમતા વગેરે જરૂર ઘટતાં જવાનાં".

— પૂ. શ્રીમોટા.

૬. સંત શ્રીમોટા અને ગાંધીજી

– મોહનભાઈ દેસાઈ

સંત-સમાગમમાં આવનારા ઘણાખરા લોકો ગાંધીજીને મહાત્મા તરીકે સ્વીકારવા રાજી હોય છે પરંતુ સંતની એમની પોતાની આધ્યાત્મિક વ્યાખ્યા મુજબ ગાંધીજી સંત ન ગણાય ! ઘરની દાસી રંભાએ રામનામનું બીજ મોહન ગાંધીના દિલમાં રોપ્યું ત્યારથી માંડી એ મહાત્મા રાષ્ટ્રપિતાનું બિરૂદ પામીને શહીદ થયા ત્યાં સુધીના લાંબા ગાળાના જીવન દરમ્યાન મોહનદાસે રામનું અવિરત સ્મરણ કર્યું, એટલું જ નહીં પણ તેને હૃદયગત કરી પોતાના અખંડ કર્મયોગમાં પરોવ્યું એ નક્કર હકીકત જ ગાંધીજીને સંતનું સાચું બિરૂદ અપાવે તેવી છે.

ગાંધીજી મૂળભૂત રીતે સંત જ હતા અને એમને જો સંત ન કહી શકાય તો દુનિયામાં કોને સંત કહેવા એ એક વિવાદાસ્પદ બિના બની રહે. સંતની ગમે તે વ્યાખ્યા કરવામાં આવે તોય ગાંધીજી સંત તો ગણાય જ. ગાંધીજી સંત હતા તેથી જ સંત શ્રીમોટા તેમની તરફ યુવાનીમાં જ આકર્ષાયા હતા, કારણ સાધક ચુનીભાઈમાં પણ નાનપણથી જ સંતનાં લક્ષણો જોવા મળતાં હતાં. એમની સેવા માટેની તત્પરતા, સચ્ચાઈ, કામમાં ચીવટ અને ચોકસાઈ તથા ભકતહૃદય જેવાં સાચા સાધકનાં લક્ષણો તેમનામાં સ્વભાવગત હતાં. હજારો યુવાનો ગાંધીજી તરફ આકર્ષાયા તેમ ચુનીભાઈ પણ તેમના તરફ આકર્ષાયા હતા છતાં એમાં એક વિશેષતા હતી. ચુનીભાઈમાં રાષ્ટ્રભાવના સાથે ભક્તની ભાવના પણ હતી અને દલિતોની સેવા કરવાની તમન્ના હતી. આથી તો તેઓ આર્થિક મુસીબતો છતાં ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થી તરીકે સ્નાતકની ડિગ્રી છેલ્લા બે મહિના બાકી હોવા છતા ભણતર છોડીને હરિજનસેવામાં લાગી ગયા. વિદ્યાપીઠમાં જ્ઞાનસાધના ઉપરાંત ભાવના અને સેવાના પાઠ પણ મળતા હતા અને તે તો ગુપ્ત અને અભણ અન્ય અનેક સાધકો તૈયાર કરવાની સાથે જાણીતા બે સંતો પણ તે વેળાની વિદ્યાપીઠે ગુજરાતને આપ્યા હતા. એ બે સંતો એ ચુનીભાઈ ભગત યાને સંત શ્રીમોટા અને શ્રી રંગઅવધૂત મહારાજ. બંનેય ગૂજરાત વિદ્યાપીઠની નિપજ અને વિદ્યાપીઠ એટલે ગાંધીજીના કેળવણીક્ષેત્રની મહાન પ્રયોગભૂમિ. આ પ્રયોગભૂમિએ અનેક સેવકો, સાધકો અને સાહિત્યકારો ગુજરાતને આપ્યા છે અને તેમાં સંત કોટિના આ બે મહાનુભાવોનું પ્રદાન વિશિષ્ટ ગણાય. આ હકીકત પ્રજાના ધ્યાનમાં પૂરી આવી નથી કે તેના ધ્યાન પર લાવવામાં આવી નથી. પરંતુ તે વેળાની વિદ્યાપીઠનું આ પ્રદાન ઘણું મોટું છે.

બંનેનો ભક્તિયોગ

ગાંધીજી મહાન કર્મયોગી ગણાય છે, છતાં હૃદયથી તે એક મોટા ભક્ત હતા એ હકીકત પર પ્રજાના બહુ ઓછા લોકોના ધ્યાન પર આવી છે. જેમણે ગાંધીજીને નિકટથી જોયા છે અને તેમની સાથે સળંગ થોડા દિવસ નિકટથી નિહાળ્યા છે અને તેમના અંતરમાં ડોકિયું કરવાનો પ્રયાસ કર્યો છે તેમાંના એક તરીકે આ લેખકને લાગ્યું છે કે ગાંધીજીનું 'હે રામ'નું મોટેથી વારે વારે ઉચ્ચારાતું સતત રટણ તેમની ઊંડી સહજ ભક્તિનું જ પ્રતીક હતું. **ભક્તિ એટલે પ્રભુપ્રેમ અને માનવપ્રેમ પણ ખરો. નરસિંહ મહેતાની જેમ ગાંધીજી પ્રભુને પ્રેમ કરતા અને તેમની જેમ હરિજનને પણ પ્રેમ કરતા, કારણ પ્રભુપ્રેમ જ્યારે પ્રગટ થાય છે ત્યારે તે માનવપ્રેમ જ બની રહે છે.**

મોટાએ પણ સાધના અને તેની સિદ્ધિ સાથે સાથે હરિજનસેવાનું જ નમ્રમાં નમ્ર કામ પસંદ કર્યું, એટલું જ નહીં પણ એ સેવામાં છેવટ સુધી મંડ્યા રહ્યા.

સાધનાપદ્ધતિ

ગાંધીજીનાં ભક્તિ અને કર્મની સાથે તેમની સાધનાના સમન્વયની વાત મોટાએ એક નવા જ અને સહજ સંશોધનરૂપે સમાજ સમક્ષ મૂકી છે અને તે છે તેમની સાધનારૂમની જપયજ્ઞની પદ્ધતિ, હવે તો ગુજરાતમાં મોટાના મૌન રૂમની સાધનાપદ્ધતિ વિશે સારીસરખી માહિતી પ્રસરી ચૂકી છે અને તેને લીધે જ નડિયાદ અને સુરતના સાધનારૂમમાં સાધકોની લાઈન લાગે છે. **આ પદ્ધતિમાં જપયજ્ઞ મુખ્ય છે એટલે કે ભક્તિપ્રધાન છે એમ ઉપલક નજરે જણાય, પરંતુ એની પાછળ અંતરમુખ થવાની મહાન તક મળે**

છે અને એ રીતે અંતરજ્ઞાન પ્રગટ થવાનો મોકો મળે છે એ વાત પણ ભૂલવા જેવી નથી. જપ, મૌન સાથે જ્ઞાનપ્રાપ્તિ માટેની પણ તેમાં છૂટ છે અને હકીકત જ દર્શાવે છે કે ભક્તિમાંથી જ્ઞાનપ્રાપ્તિ એ મૌનાર્થી માટેની મોટી તક બને છે. સંત શ્રીમોટા પ્રેમભક્તિ સાથે શુદ્ધ કર્મ કરવાનું પણ સૂચવતા અને જીવનમાં શુદ્ધિકર્મનો આગ્રહ રાખતા. આ આગ્રહ મોટાના જીવનમાંથી જ પ્રગટ્યો હતો છતાં એના પર ગાંધીજીના જીવન અને કાર્યની અસર પણ છે જ.

પ્રેમશૌર્ય

'હરિનો માર્ગ છે શૂરાનો' એ સંત કવિવાણી ગાંધીજીએ જીવનમાં સાર્થક કરી બતાવી તેમ મોટાએ પણ એ પર પોતાના જીવન અને સ્વૈચ્છિક મરણથી સાર્થક કરી બતાવી છે. **ભક્તિ પોચા માણસનું કામ નથી પણ શૌર્યવાન જ એ પચાવી શકે એમ તેઓ વારંવાર કહેતા. ભક્તિ મરદાનાનું કામ છે. એની પાછળ ધકધકતી તમન્ના જોઈએ અને ઈશ્વરપ્રાપ્તિ માટે પોતાની જાતને પૂરેપૂરી ખપાવી દેવાની વાત તેઓ વારંવાર ભારપૂર્વક સમજાવતા, સંતમાત્ર પ્રેમશૌર્યની વાત કહ્યા વગર રહે જ નહીં.** ગાંધીજી અને મોટામાં આ પ્રેમશૌર્યનું તત્ત્વ અખંડ અવિરત પ્રગટ થતું જોવા મળે છે. ગાંધીજીની જેમ મોટાએ પણ સમય પાક્યો ત્યારે સ્વેચ્છાએ મૃત્યુને બોલાવી તેને ભેટ્યા એ હકીકત તેમની મૃત્યુને મિત્ર બનાવ્યાની સિદ્ધિની દ્યોતક છે.

સમાજને બેઠો કરવાની વાત

ગાંધીજીનું કાર્યફલક વિસ્તૃત હતું પરંતુ તેમનું ધ્યેય તો એક જ રહ્યું અને તે સમાજને બેઠો કરવાનું હતું. એમણે ગુજરાત મારફત સમગ્ર ભારતને જાગતો કર્યો અને ભારતીય સમાજને બેઠો કરી માનવસમાજને બેઠો કરવાનું એમનું ધ્યેય હતું. એ માટે તેઓએ પોતાના પ્રથમ મથક તરીકે અમદાવાદ અને તે પણ સાબરમતીના તટને પસંદ કર્યો. મોટાએ પણ એ જ સ્થળથી પોતાના સમાજને બેઠો કરવા કામનો પ્રારંભ કર્યો અને તે વેળા તેઓ હંમેશાં ગુપ્ત રહીને જ કામ કરતા હતા. તેમણે પ્રથમ મૌન મંદિરનો પ્રારંભ પણ હરિજન આશ્રમની વિનોબા કુટિરથી કે મીરાંબહેનની કુટિરથી જ કર્યો. એ પછી તે નડિયાદ આશ્રમ અને સુરત પાસેના રાંદેર ગામ પાસેના કુરુક્ષેત્ર પરના આશ્રમનો પ્રારંભ થયો અને એ સાથે જ મૌન મંદિરનો મહિમા ગુજરાતભરમાં પ્રસરી ગયો.

ગુરુવાદ અંગે ગાંધીજી અને મોટા

ગાંધીજીમાં એવી સહજ નમ્રતા હતી કે તેઓ કોઈનીય પાસેથી તેનું વિશિષ્ટ જ્ઞાન લેવા સદા તત્પર રહેતા, તેથી અધ્યાત્મના જ્ઞાન સાથે એવા ગુરુ મળે તો તેમને અપનાવવાની તેમની સદૈવ તૈયારી હતી. એવા પૂર્ણ ગુરુ તો તેમને જીવન દરમ્યાન ન મળ્યા પણ તેમના જીવનમાં ક્રાંતિકારી ફેરફાર કરે તેવા વિચારો આપનાર ત્રણ મહાનુભાવોની પ્રત્યે તેમણે કૃતજ્ઞતાનો ભાવ પ્રગટ કર્યો છે. સર્વોદયના વિચાર માટે **રસ્કિનનો**, અહિંસાના અને ખાસ કરીને જાતમહેનતના માહાત્મ્ય માટે **ટૉલ્સ્ટૉયનો** તેમણે ઋણસ્વીકાર કર્યો છે. તેમણે સર્વોદયનો વિચાર વિકસિત કર્યો અને તેમાં આધ્યાત્મિક ભાવનાનો ઉમેરો કર્યો અને ટૉલ્સ્ટૉયના પેસિવ રેઝિસ્ટન્સની જગ્યાએ સત્યાગ્રહના મહાન આધ્યાત્મિક શસ્ત્રનું સર્જન કર્યું અને એ રીતે ગુરુપ્રસાદીને ખૂબ વિકસાવી હતી. **શ્રીમદ્ રાજચંદ્ર** પાસેથી આધ્યાત્મિક વિચારો અંગે એમને ઘણી સ્પષ્ટતા થઈ હતી એથી તેમનું ઋણ અનેરું ગણાય. પરંતુ ગાંધીજીએ એમાં પણ પોતાનું પ્રદાન કરીને પોતાની એક વિશિષ્ટ આધ્યાત્મિક દૃષ્ટિ અને દર્શનનું સર્જન કર્યું અને તેને જીવનમાં પ્રત્યક્ષ કરવાના અનેક પ્રયોગો કર્યા. આમ, ત્રણ ત્રણ મહાનુભાવોનો ગુરુ તરીકે ઋણસ્વીકાર કર્યા છતાં તેમાંથી કોઈનેય પૂર્ણ ગુરુ તરીકે તેઓ સ્વીકારી શક્યા નહીં, કારણ તેમને જણાવ્યું કે માનવ ગમે તેટલો મોટો કે મહાન બને છતાં સદેહે તે પૂર્ણતાને પામી શકે જ નહીં, તેથી સાપેક્ષ અનેક ગુરુનો સ્વીકાર કર્યા છતાં એક માનવગુરુને તેઓ સ્વીકારી ન શક્યા.

મોટાના જીવનમાં તેમના ગુરુએ ભારે ક્રાંતિ કરવાનું કામ કર્યું અને ગુરુ વિશે તેમના પોતાના આગવા વિચારો હતા. ગુરુઋણ તેઓ પૂરેપૂરું સ્વીકારે છે. એમના ગુરુવાદ વિશેના વિચારો મનનીય છે.

૭. ઈન્ટ્યૂશન અને ઈન્સ્પીરેશન (સ્ફુરણા અને પ્રેરણા) – શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટાના પંચાવનમાં સાક્ષાત્કાર દિનની ઉજવણી પ્રસંગે પ્રકાશિત લેખ

(તા. ૨૮-૩-૯૩, કડોદરા જિ. સુરત)

પૂજ્ય શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી

સ્વજન : ઈન્ટ્યૂશન કેવી રીતે આવે છે ?

શ્રીમોટા : કોઈક પ્રોબ્લેમ હોય, વિચાર કરેલો હોય એ આપણા મનમાં, આપણા સબકોન્શ્યસ માઈન્ડમાં પડેલો હોય, પડી જાય ત્યારે એ વખતે કંઈ-કારણ કે આપણે બધાં કામમાં રોજના, રોજબરોજના વ્યવહારમાં ગૂંથાયેલા હોઈએ એટલે ધારેલી એકાગ્રતાથી થયેલું ના હોય. પણ એની વિચારણા અથવા તો મનન ચિંત્વન કે ગૂંચવાડો એ વિષે ચાલ્યા કરતો હોય. પણ થોડો વખત રહીને પછી તો બંધ થઈ જાય છે. બીજામાં મન રોકાઈ જાય. પણ એ જે પડી ગયું છે - સબકોન્શ્યસ માઈન્ડમાં- તેમાંથી આ ઈન્ટ્યૂશન ઊપજે. જીવદશામાં ઈન્ટ્યૂશન થાય ખરું. અને જે ઈન્સ્પીરેશન, પ્રેરણા છે એ જાણે કે સાધકને-શ્રેયાર્થીને થાય. એ જરા ઊંચી દશાવાળા ભાવનામાંથી પ્રગટે છે. અને આ જે ઈન્ટ્યૂશન છે તે ભાવનામાંથી પ્રગટતું નથી. એ તો આપણા પોતાના જ વિચાર વમળમાંથી જાગતું, એકાગ્ર થવાથી અંદર સબકોન્શ્યસ માઈન્ડમાં પડી રહેવાથી. સબકોન્શ્યસ માઈન્ડ તો એટલું બધું ભારે છે, દરિયા કરતાં પણ ઊંડું વધારે-વધારે ગહન-ને તેની શક્તિ પણ બહુ ભારે છે. કારણ કે હાલ આપણને જેટલી સમજણ છે બુદ્ધિની, આપણું મન ને બુદ્ધિ ને પ્રાણ ને જે કંઈ કામ કરે છે તેની શક્તિ આપણને જે કંઈ ખબર પડે છે તેના કરતાં તો અનંતગણી શક્તિ સબકોન્શ્યસ માઈન્ડમાં રહેલી છે એ અનુભવી લોકો કહે છે.

પેરાસાઈકોલૉજીવાળા પણ ત્યાં મથવા લાગ્યા છે. એ લોકો એટલું બધું તો નથી. આપણા અનુભવી લોકો જેટલા પ્રમાણમાં કહે છે તેટલા પ્રમાણમાં નથી પડી પણ એ લોકો કહે છે કે ત્યાં જ્ઞાનનો ભંડાર છે. શક્તિનો ભંડાર છે. એટલે તે વખતે સબકોન્શ્યસ માઈન્ડમાં પડી રહેલો જે વિચાર છે અથવા તો જે કંઈ આપણી ભૂલ છે, પ્રોબ્લેમ છે તે આપણા સબકોન્શ્યસ માઈન્ડમાં ઝીલેલો છે. સબકોન્શ્યસ માઈન્ડમાં ક્યારે જાય ? તો તેનું પણ સાયન્સ છે કે સબકોન્શ્યસ માઈન્ડમાં બહુ ઊંડા જાય, ડેપ્થ આવે- ઉપરછલ્લું-બધા આપણા જે કામ છે અથવા આપણું બધું વિચારવાનું છે. તે બધું સુપરફ્લુઅસ ઉપરના માઈન્ડમાંથી બધુ ચાલ્યા કરતું હોય છે. પણ જ્યારે બહુ જ વ્યગ્રતાવાળો કે ગૂંચવણવાળો કે જેના વિષે મનનચિંત્વન કે વિચાર કરવો પડે એવું હોય, જ્યારે જેમાં ડેપ્થ આવે ત્યારે તે સબકોન્શ્યસ માઈન્ડને સ્પર્શ કરે છે. ત્યાં એ તે એનાથી વધારે ઊંડું હોય ત્યારે સબકોન્શ્યસ માઈન્ડ તેને પકડી લે છે. પેલા પ્રોબ્લેમ છે તેને પકડી લે છે. તે પછી આપણે બીજા બધા વિચારો અને બીજા બધા કામમાં પરોવાઈ જઈએ છીએ. એટલે પેલું આપણા મનથી એમ જાણે કે વિસરાઈ ગયું છે. અને ખરી રીતે આમ તો વિસરાઈ જતું હોય છે અથવા તો ઓછું થઈ જતું હોય છે, એની ઈન્ટેન્સીટી ઘટી જતી હોય છે. બહુ ઓછી થઈ જાય છે. થોડી ઘણી સભાનતા રહે. જેવો પ્રોબ્લેમ અને જેવુ મન. બહુ એવો ગરજવાળો પ્રોબ્લેમ હોય તો યાદ પણ રહે. પણ થોડીવાર પછી એ પણ માઈલ્ડ-ઓછું થતું. માઈલ્ડ થતું જાય છે. પણ પેલા સબકોન્શ્યસ માઈન્ડમાં પકડાયેલું માઈલ્ડ થતું નથી એ તો ઉપરથી વધારે તેજસ્વી થતું હોય છે અને એમાંથી પછી ઈન્ટયૂશન જન્મતું હોય છે.

સ્વજન : મોટા, ઈન્ટ્યૂશન એમાંથી જન્મે પણ સબકોન્શ્યસ માઈન્ડ જે તમે કહ્યું કે તેનું ઊંડાણ અનંત છે, ઘણું મોટું હોય છે. એટલે એ જે પ્રશ્ન આપણે

મૂક્યો એને સોલ્વ કરવા માટે એને અનંત જાતની માહિતીની જરૂર પડે. તે અનંત જાતની માહિતી એટલે સબકોન્શ્યસ માઈન્ડ આખી દુનિયામાં બધે પ્રસરેલું હોય ?

શ્રીમોટા : બધે જ પ્રસરેલું હોય. એ વ્યક્તિગત થયું એટલે અ, બ, ક, ડ તેની અંદર સબકોન્શ્યસ માઈન્ડ જે છે તે બધાનામાં છે. અને આખી પૃથ્વીમાં પણ એનું પોતાનું એક સબકોન્શ્યસ માઈન્ડ છે. પૃથ્વીનું પોતાનું. માણસ જાતની સમાજની એક ટોટાલીટી છે. એ ટોટાલીટીનું પણ સબકોન્શ્યસ માઈન્ડ છે. એ ટોટાલીટીનું જે સબકોન્શ્યસ માઈન્ડ છે તેની સાથે આપણું સબકોન્શ્યસ માઈન્ડ જોડાયેલું રહેલું હોય છે. માહિતી મેળવી શકે છે. એની અંદર તો માહિતી તો સબકોન્શ્યસ માઈન્ડની વર્કીંગની આપણને ખબર નથી હોતી. અંદરની પણ એને જે જે વસ્તુની જરૂરિયાત પડે છે તે મેળવી શકે છે. એને ડીમાન્ડ કરવાની પણ જરૂર નથી પડતી. એની મેળે જ જે જે પ્રશ્ન અંદર એને ચોંટ્યો હોય તેને ઉકેલવા માટે, હલ કરવા માટે, બહાર આવે છે. જે ઈન્ટ્યૂશન તરીકે આવે છે એ તો આપણે આમ પોઝીટીવ બતાવે છે. પાછા પ્રોઝ એન્ડ કોન્સ કે વિચારો કે કશું બતાવતો નથી. એ બધી ક્રિયાઓ અંદર થઈને એના ફળ સ્વરૂપે બહાર પડે છે, અને ખરું ઈન્ટ્યૂશન થાય છે. ત્યારે માણસ એ પ્રમાણે કરવા મંડે છે. અરે વિચાર ચિંતન કે બીજું કંઈ કરતો નથી. કેટલાક માણસને તો સાહેબ, એ પણ ખબર પણ નથી પડતી કે આ ઈન્ટ્યુશન થયું એ તો જરા થીંકીંગ માઈન્ડનો છે. આ બાબતની જેણે કોઈ ખણખોદ કરેલી છે. આ બાબતની જેની કોન્શ્યસનેસ જાગેલી છે તેવા માણસને કંઈ સમજણ પડે છે કે આ ઈન્ટ્યુશન થયું મારું. બાકી સામાન્ય માણસને થતું હોય છે પણ બિલકુલ અનકોન્શ્યસ. એને ખ્યાલ નહિ આવે. હું એક વખત મથેલો એનું ગુજરાતી કરવા. ઈન્ટ્યૂશનનું ગુજરાતી કરવાને. મને કંઈ જડ્યું નહિ. 'ઈન્સ્પીરેશન' તો 'પ્રેરણા' મને ખબર પડી, અંતરજ્ઞાન નહિ કહી શકાય કારણ કે અંતરજ્ઞાન તો ગુણ અને દ્વન્દ્વને મુક્ત થયેલો શબ્દ આવી જાય. આ તો જીવદશાની વાત છે. ઈન્ટયૂશન તો જીવદશામાં આવે છે. એટલે મને એનો બરાબર શબ્દ ગુજરાતીમાં નહિ જડ્યો. મેં ઘણાને પૂછેલું પણ ખરું પણ એનો શબ્દ નહિ જડયો.

જીવની ગતિ

અનુભવીની તથા સામાન્ય જીવની ગતિ અને જે એવા નેગેટીવ એટલે નકારાત્મક કર્મો જેના થયા હોય, જીવનમાં ઘણા ઘાતકી હોય, ઘણા પ્રપંચી હોય, અનીતિવાળા હોય એ બધા અધોગામી-નીચે જાય છે. કે એની 'નીચે-ઊંચે' તો બોલવાની ખાતર સમજવાની ખાતર કહીએ છીએ. પણ એવું પણ પાછું છે કે જ્યાં આવા બધા જીવો હોય છે. પણ એમાંથી બધા સારા થતા જાય તે આપણે ત્યાં આવે અને આપણે ત્યાંથી સારા થતા જાય એ બીજે જાય. તે ત્યાં પાછા એમના આદર્શથી નીચે ગરી ગયેલા હોય, પતન થયેલા હોય તે આપણે ત્યાં આવે. એવું બધું ચાલ્યા કરે છે ખરું. આ પૃથ્વી પર.

સ્વજન : એટલે એવા સૂર્યમંડળોમાં આવા પૃથ્વી જેવા ગ્રહો હશે ?

શ્રીમોટા : હા ખરા. ઘણા બધા. સૂર્યમંડળ તો પુષ્કળ છે. ગ્રહો જેમ જેમ ગ્રહો હોય ને !

સ્વજન : મોટા, અત્યારે આ લોકો કહે છે કે આ મેક્સિમમ સ્પીડ કે આ લાઈટની સ્પીડથી જઈ શકે. પણ આ જે જીવો સૂક્ષ્મ અથવા કારણમાં અથવા તો એમાં આવીને કે પછી.

શ્રીમોટા : એ સ્પીડ કે જેની સ્થિર થઈ જાય, લાઈટ કરતાં પણ વધારે છે. બિલકુલ નહિ. અહીંથી આપણે મંગળ કે શુક્ર કેટલો બધો દૂર કહી શકીએ. પણ દા.ત. અનુભવી માણસને નિમિત્ત તો ક્યારનું આવેલું હોય. જે વખતે જે સ્ફુરે તે વખતે તે ત્યાં. કાળ જ ઊડી જાય. અનુભવની સ્થિતિમાં કાળ જ ઊડી જાય આખો. કાળમાં હોવા, ઘણાં કારણ કે શરીરધારી છે. પ્રકૃતિમાં છે. કાળમાં-કાળ ને એમાંથી બદ્ધ થયેલો દેખાય છે. છતાં પણ એને નથી. હોવા છતાં પણ એને નથી. ન હોય એને, ન હોય ત્યારે

એની મહત્તા કશી નથી, પણ હોવા છતાં ના હોય તો એની મહત્તા વિશેષ છે.

જેમ અત્યારે આપણે જીવદશામાં છીએ તે આપણી લાઈફ તો ચાલ્યા કરે છે સંસ્કાર ઉપરથી, સંસ્કારની ટેન્ડન્સી, ટેન્ડન્સી સંસ્કારમાંથી જ જન્મે છે. એટલે બધી ટેન્ડન્સી ઉપર આપણું જીવન બધું ચાલ્યા કરે છે. તેવી રીતે અનુભવીને નિમિત્ત. નિમિત્ત તો અનેક પ્રકારના હોય. તે જે જે પ્રકારના નિમિત્ત તે તે પ્રકારના તેના કોષ થઈ જાય છે. અનુભવીને એ પ્રમાણેનો એનો કોષ થઈ જાય છે. કોઈ ઉત્તમ પ્રકારનું નિમિત્ત હોય, કોઈ નિમ્ન પ્રકારનું નિમિત્ત હોય. નિમિત્ત તો એને કોઈ સારા જ નિમિત્ત હોય એવું કંઈ કહી શકાય નહિ, કારણ કે અનેક જન્મો એણે લીધા હોય. તે વખતે કેટલા બધાની સાથેના સંબંધો, એ સંબંધો કંઈ ઉત્તમ પ્રકારના સંબંધો હોય એવું બને નહિ. કેટલાય બધા જન્મો તો એ પોતે પણ જીવદશામાં જ હોય. અને જીવદશામાં હોય ત્યારે કંઈ અસત્ય કર્મ કે એવાં કર્મ નહિ થયા હોય એવું કે છે જ નહિ, ત્યારે એવા બધા પ્રકારના નિમિત્ત હોય તે તે પ્રકારે કોષ થઈ જાય. ત્યારે તેનો કેટલો વખત જેમ આપણે આમાં ગણાવે છે કે અન્નમય કોષ, પ્રાણમય કોષ, વિજ્ઞાનમય કોષ, આનંદમય કોષ એ જે છે તે એક જડ જેવો કોષ થઈ જાય એટલે પથ્થર. જેમ અહલ્યા થઈ ગઈ હતી એ ખરેખર પથ્થર થઈ નહિ ગયેલી, સ્થૂળ પથરારૂપે થયેલી નહિ પણ, એનો કોષ આખોએ જડ જેવો થઈ ગયેલો. ઘોર તમસથી ભરપૂર એવો થઈ ગયેલો એટલે જ અહલ્યા પથ્થર રૂપે થઈ ગયેલી. એટલે અનુભવીને આવા ઘણા બધા અનુભવો થાય છે એવા કોષ થઈ જાય એના ત્યારે એને જ્ઞાન રહે. પેલાને સભાનતા રહે કયા કારણથી, કયા હેતુ માટે બધું થયું છે તે પણ બધું ખ્યાલ રહે, પાકો. એટલે એમાં પ્રવેશવા છતાં એનાથી જુદો રહે છે. જ્યારે આપણે શું થાય છે ? કે આપણે જ્યારે જઈએ, જ્યારે ટેન્ડન્સીમાં પરોવાયા એટલે ટેન્ડન્સીરૂપ થઈ જઈએ છીએ. એનાથી નોખા નથી થઈ શકતા. તટસ્થતા જન્મે છે શ્રેયાર્થીને થોડી ઘણી ત્યારે એને સભાનતા રહ્યા કરે : સાલું આમાં ભરાઈ પડેલા છીએ. નીકળી શકતા નથી એવું ભાન રહે છે એને-તટસ્થતાને લીધે. એટલે તટસ્થતા એટલી જન્મે તો સંસ્કાર એટલા ઓછા પડે છે. તટસ્થતાનો મોટામાં મોટો લાભ આ છે કે પેલાને જે ગાઢા સંસ્કાર પડે અને જે એની ટેન્ડન્સી દૃઢ અને ગાઢી થાય તે પેલા તટસ્થતા જન્મે તે પેલાને નહિ થાય. એને સમજણ પડે છે કે આનું આમ છે. આનું આમ છે. એમાંથી ભલે એ નીકળી શકતો ના હોય પણ એને સમજણ પડે છે ખરી. એટલે એના સંસ્કાર એટલા બધા ગાઢા પડતા નથી. ફાયદો છે મોટામાં મોટો ફાયદો છે. એટલે ધીરે ધીરે કરીને તટસ્થતા આપણે એમ કરતાં મનન ચિંત્વન કરતાં કરતાં આપણા ધ્યેયના વિષે વિચારતાં વિચારતાં આપણામાં તટસ્થતા વહેલી આવે છે. શ્રેયાર્થી કે સાધકને કે જેને આ માર્ગનો અભિગમ છે, એપ્રોચ છે એને તટસ્થ ન કહેવાય. અને તટસ્થતા આવવાથી ધીરે ધીરે આગળ વધાય છે. એવી તટસ્થતા આવવી જોઈએ.

અનુભવીનું નિમિત્ત

અનુભવીની વાત કરતો હતો. તે નિમિત્ત હોય તો આકાશતત્ત્વ, તેજતત્ત્વ ગમે તેવા આશ્રયે રહી શકે છે. 'તમને શરીરે આટલી બધી માંદગી છે. આવા સણકા મારે છે સહેવાતું નથી. તમે આ ગોળી લો છો તે. તેનો જાણે કે મને વાંધો નથી. બરાબર છે. પણ તમે તમસનો આશરો કેમ નથી લેતા ? બધા તત્ત્વો નિમિત્ત જીવ હોય તો તમે ગમે તે તત્ત્વોનો આશરો લઈ શકો. એટલે અનુભવી રહી શકે. એટલે તમને જરૂર છે. તમે તમસનો આશ્રય લો. ગોળી-બોળીની જરૂર નહી.' મેં કહ્યું, ભાઈ, તમે મને ખરો કોન્ટ્રાડીટ કરી દીધો. વાત તમારી સાચી. પણ સાંભળ કે અનુભવી હોય કોઈપણ માણસ અ, બ, ક, ડ, એને પોતાનું પોતાના વિષે નિમિત્ત નથી હોતું, હોય જ નહિ કદી, બીજાનું જ પોતાના સિવાય ઈતરનું એને નિમિત્ત હોય અને પછી એકાત્મભાવ હોય છે.

જ્યારે એકાત્મ ભાવની સ્થિતિમાં હોય. બિલકુલ એકાગ્ર અને કેન્દ્રિતમાં હરિમાં જ હળીભળી ગયો હોય એવો રસાત્મક જ્યારે હોય ત્યારે એટલા કાળ પૂરતું એને કોઈ નિમિત્ત નથી હોતું. પણ એને પોતાના પૂરતું કોઈ નિમિત્ત નથી હોતું. પોતાના પૂરતું કોઈ નિમિત્ત હોઈ શકે જ નહિ એને, એટલા માટે 'મોટા તમે કહો છો કે, વાત તો મારા ગળે ઉતરે છે. એને પોતાનું નિમિત્ત ના હોય. નહિતર તો એને નિમિત્ત શું કરવા આવે ? એને આવે નહિ. અને આવે તો એને રહેવા ના દે.' પછી એણે બીજો સવાલ પૂછ્યો કે 'મોટા, તમે કહો છો કે નિમિત્ત હોય તે પ્રકારે એ શરીર પણ ગમે ત્યાં જાય. શરીર તો મેં તો કેટલા બધા મહાત્માઓ વિષે વાંચ્યું છે કે શરીર તો એમનું ત્યાં ને ત્યાં હોય છે. એક શરીરથી બીજા શરીર થઈ શકે ?' મેં કીધું, 'હા, બીજા શરીર થઈ શકે. એ સંકલ્પરૂપે જ્યાં જાય ત્યાં આગળ એનું બીજું શરીર દેખાય. અથવા તો બીજું એને પોતાને અનુભવ થાય છે. **જાય ત્યારે શરીર સાથે જતું નથી. જાય ત્યારે સંકલ્પરૂપે જાય છે. પછી ત્યાં શરીર થાય છે.'** પૂછનારા કેટલાક હોય તે આવા સવાલ પૂછે. આપણે એને કહેવુંય પડે, મનમાં શંકા જાગે તો પૂછે. આજ તો મને બહુ ઊંઘ આવી. પોણાચારે ઊઠ્યો. ઈન્દુકાકો કહે કે તમે સૂતા'તા એટલે ન ઉઠાડ્યાં. મેં કહ્યું ભઈ ઉઠાડજે.

સ્વજન : આપણે પ્રભુનું મનનચિંત્વન કર્યા કરીએ.

શ્રીમોટા : મનનચિંત્વન કરતાં કરતાં મનનચિંત્વનમાં એકાગ્રતા આવે માત્ર એ જ એક હોય. બીજું કંઈ ના હોય અને એમાં એકાગ્રતા આવે પણ કેન્દ્રિતતા આવતાં આવતાં ઘણી વાર લાગે. એ જ્યારે **વનનેસનો** અનુભવ થાય છે ત્યારે જ **વનનેસમાં** કેન્દ્રિતતા આવે. તે સિવાય તો ના આવે. એકાગ્રતા આવી શકે એકના એક વિચાર પર. એકના એક ભાવ પર એકાગ્ર થઈ શકે, પણ કેન્દ્રિત તો અનુભવ થયા પછી **વનનેસમાં** અનુભવ થયા પછી એને કેન્દ્રિત થાય. એનામાં હાર્ટ ટુ હાર્ટ થવું.

સ્વજન : મોટા, તમે કહ્યું હતું કે સૂક્ષ્મ શરીર એ તો કારણમાં જવા માટેનો ઉંબરો છે.

શ્રીમોટા : કારણ આમાં કે આમાં જવા માટે-બહાર પણ જવાય અને અંદર પણ જવાય એવી રીતે સૂક્ષ્મ શરીર છે.

સ્વજન : સૂક્ષ્મ શરીરમાં જવા માટે સંકલ્પ તમારે કરવો પડે કે...

શ્રીમોટા : ના, અનુભવીને સંકલ્પ ના કરવો પડે. પણ આપણે કરવો હોય. સૂક્ષ્મ શરીર આપણે જ્યારે અહીં આપણે છીએ-પ્રકૃતિમાં-પ્રકૃતિનું જોશ-પ્રકૃતિનું વલણ-ટેન્ડન્સીઝ, ઓછામાં ઓછું-મોળી તદ્દન પડતી જાય. જ્યારે અને વિશેષમાં વિશેષ ભાવુક થતા જઈએ ત્યારે એ પોસીબલ છે. અને તે પાછું આપણે તટસ્થતા આપણામાં જાગી ગયેલી હોય અને સમતાની તૈયારી હોય. બેય-ત્રણ ભાગઃ તટસ્થતા, સમતા અને સાક્ષીત્વ. સાક્ષીત્વ તો આત્માની સ્થિતિમાં હોય. એની જે ઊંચી સ્ટેઈજ સમત્વની. એ જ્યારે તટસ્થતા પૂરેપૂરી કેળવાઈ ગઈ હોય અને સમતા આવવા માંડી હોય ત્યારે આપણે સૂક્ષ્મમાં જઈ શકાય. આનું મેથેમેટીક્સ છે કે તટસ્થતા પૂરેપૂરી કેળવવી હોય અને સમતાની આવવાની સ્થિતિ હોય ત્યારે થોડી ઘણી આવી પણ હોય એ કાળ હોય ત્યારે, આપણને સૂક્ષ્મનો અનુભવ થઈ શકે. તે સિવાય તો ના થાય.

આપણે શરીર છોડીએ. શરીરમાંથી પ્રાણ નીકળી જાય ત્યારે સૂક્ષ્મ શરીર થતું ઘણાંએ અનુભવેલી વાત છે. એ લોકો જુવે છે. એક ઉપનિષદમાં કે કશામાં છે એ ખબર નહિ પણ એનું માપ પણ આપેલું છે. - અંગૂષ્ઠ - આટલું આના જેટલું જ છે. પણ એ પણ ભૂમિતિ પેઠે ભૂમિતિમાં લ્યુકિડે કહ્યું **લેન્થ-બટ નો બ્રેથ-**

એવી રીતે એને પણ છે ખરું. અસ્તિત્વમાં છે ખરું પણ એને લેન્થ કે બ્રેથ જેવું કંઈ નથી. અને જે આકાર છે તે આપણી સ્થૂળ આંખોથી નહિ દેખાય, કારણ કે એ જે આકાર જેવું દેખાય-સૂક્ષ્મ-તો એમાં

જળ કે પૃથ્વીતત્ત્વ છે જે તે બધું આકાર-જે તે બધું દેખાય છે સ્થૂળ સ્વરૂપે એ માત્ર ગુણને લીધે. જળ અને પૃથ્વીતત્ત્વ એ બે ગુણને લીધે જ છે. અને સૂક્ષ્મમાં તો બીજરૂપે છે માત્ર-બીજ ઊગે, નહિ તો તેનો જન્મ પણ થવો શક્ય નથી. આપણે જાણતા નથી કે એ જે સબ્લીમેશનની સ્થિતિમાં આપણે હોઈએ છીએ જ્યારે અથવા તો આપણે વાગોળવાની સ્થિતિમાં હોઈએ છીએ ત્યારે કેટલોય કાળ વહી જાય છે. પૃથ્વીની-આ પૃથ્વી પરના સમયની ગણતરીએ એક માણસ જાણે કે ૭૦ વર્ષ જીવ્યો તો પાછું એનું સ્થૂળ શરીર-સૂક્ષ્મ શરીર જન્મ લેતાં એને ૨૦૦ વર્ષ પણ થઈ જાય-૨૫૦ વર્ષ પણ થઈ જાય. માત્ર **અનુભવીને જ કાળ નડતો નથી. એ ધારે ત્યારે જન્મ લઈ શકે છે. એને લેવો હોય તો અથવા તો કોઈ માણસને ઉચ્ચ પ્રકારની કોઈક અભિલાષા હોય. દા.ત. કોઈ શ્રેયાર્થી હોય. સાધના કરતાં કરતાં કરતાં એને તીવ્રતા આવેલી છે સાધનાની અને એમાં શરીર એનું છૂટી જાય. તો એવો જીવ વહેલો શરીર ધારણ કરી શકે છે.** અને એનું ઓપોઝીટ હોય અને આમ નિમ્ન પ્રકારની વૃત્તિની હોય અને પેલો ઉચ્ચ પ્રકારની-પણ **નિમ્ન પ્રકારની હોય તો એ એને ભોગવવા માટે જે શરીર જોઈએ તે નથી હોતું એટલે તે પ્રેત થાય છે. એટલે એનું જે એપ્ટ મીડીયમ હોય તેને એપ્ટનો કબજો લઈને એ ભોગવે છે.** માત્ર અકસ્માત કે એવા કશામાંથી થાય છે તો પણ પ્રેત પણ થાય છે. પહેલાં આ બધું હું માનતો નહોતો. પણ મારા એક સ્નેહી છે તેની છોકરી નર્સ થયેલી. ફર્સ્ટકલાસ વિદ્યાર્થીની કોઈના પ્રેમમાં હતી. પણ એના બાપુજી તૈયાર નહોતા પરણાવાને. બીજાની સાથે વિવાહ કરી દીધો. પરણાવાની તૈયારી થઈ એટલે એને કરવું નહોતું. એ તો કેમેસ્ટ્રીની સ્ટુડન્ટ હતી. એટલે એ પોઈઝન લઈ આવી !

તારામાં (Starમાં) જે જીવો હોય તેમાં વિશેષ હોય. માત્ર ગ્રહો હોય તેમાં શક્યતા વધારે આવતી. જળ અને પૃથ્વીતત્ત્વની.

અનુભવીનાં દર્શન

સ્વજન : મોટા, અનુભવી જ્યારે બીજાને દર્શન દે. પોતે અહીં હોય અને બીજે ઠેકાણે જાય. તો ત્યારે ત્યાંથી ગ્રહણ કરે પૃથ્વી ને જળતત્ત્વ ?

શ્રીમોટા : હા, ત્યાંથી કોઈક એના માટેનો પ્રેમવાળો હોય. એની ઈચ્છા ના કરી હોય તો પણ ત્યાં જઈ તેને દર્શન થાય છે. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિએ શરીર છોડી દે છે ત્યાર પછી પણ એમના બીજાને દર્શન થયેલા છે એવા દાખલા નોંધાયેલા છે. પેલાને કંઈ પણ ઈચ્છા ના હોય કે હું દર્શન કરું કે તો પણ એને પોતે એની સાથે એવું નિમિત્ત હોવાથી પોતે એને દર્શન આપે છે. તે વખતે જ્યારે દર્શન આપે છે ત્યારે પેલાને શરીર દેખાય તે શરીર સાથે અહીંથી નથી જઈ શકતા. કારણ કે શરીર સાથે જાય તો જળ અને પૃથ્વીતત્ત્વ તો હોય જ. તો જ્યારે જળ ને પૃથ્વીતત્ત્વ કંઈ-જઈ શકે નહિ, ઊડી શકે નહિ, ભાર હોય ને ! ત્યારે એ માત્ર સંકલ્પરૂપે જાય છે અને જ્યારે જ્યાં જવાનું હોય તે પ્લેસ, એટ ધેટ પ્લેસ - ત્યાં સંકલ્પ ફૂલફીલ થાય છે. એટલે સાકાર થાય છે ત્યાં જ.

એ તો એક જણને આવું કહેલું એટલે ક્રોસ કરેલો. એ તો કહે અરે આવું તે કંઈ બનતું હશે ? મેં કહ્યું તમે જાણતા નથી. આ તો પ્રેત છે એ તો ગમે તે થઈ શકે છે. પ્રેતની, પ્રેતમાં જો એટલી શક્તિ છે તો પેલા અનુભવીમાં કેમ ના હોય ? બે ચાર તત્ત્વમાં-પ્રેતમાં એવી શક્તિ છે એવું શી રીતે સાબિત થાય ? ભઈ, 'એ તો કંઈ સાબિત કરી શકાય નહિ. હકીકત છે એ તો. આપણે શરીરમાં કહીએ આકાશ, તેજ, જળ, વાયુ અને પૃથ્વી - આ પાંચ તત્ત્વો છે. પણ તમે કહો કે સાબિત કરી આપો તો એ કેમ સાબિત કરી શકાય ? એ તો હકીકત છે. હવામાં ઑક્સિજન, નાઈટ્રોજન આવા બધા જુદા જુદા પ્રકારના વાયુઓ છે તો એ સાબિત કરીએ તો-સાયન્ટિસ્ટોએ સાબિત કરેલી હકીકત છે. એ તમારે

માનવી રહી કાં તો ના માનવી. મારો કોઈ એવો હક નથી. તમે પૂછો ત્યારે મેં કહ્યું : હોય છે. હકીકતમાં આવું હોય છે.

ત્યારે એની અગાધ શક્તિ છે. એ દેવોને નથી. દેવો ને દાનવો-પુરાણોમાં ઘણું આવે છે. દેવો અને દાનવોનું યુદ્ધ થાય છે. આપણામાં પણ થતું હોય છે. પણ એનામાં આપણે લખાણ હોય છે. બંનેનું યુદ્ધ થાય છે ત્યારે એમાં દેવો હારી જાય છે. પછી તેમને ભગવાન પાસે જવું પડે છે. ત્યાં જઈ ભગવાનની પ્રાર્થના કરી ત્યાંથી બળ મેળવે છે અને આવે છે. જ્યારે તેને અનુભવ થાય છે. આત્માની સ્થિતિનો-ત્યારે અગાધ બળ એને-બોલવા ખાતર એ એમ કહે છે એ ભગવાનની પ્રાર્થના કરી ને આ મળ્યું. પણ એને પોતાનામાંથી જ થતું હોય છે. **એટલે જ મનુષ્ય યોનિ ઉત્તમમાં ઉત્તમ કહી છે.**

બ્રહ્મા જેવું જ - બ્રહ્મ જેવી જ ગુણવત્તા તેનામાં આવે છે. માત્ર બ્રહ્મ ને નિમિત્ત નથી. આને નિમિત્ત છે. બ્રહ્મનો અનંત વિસ્તાર, આને નિમિત્ત પૂરતો જ વિસ્તાર - ગમે ત્યાં જઈ શકે પણ નિમિત્ત પૂરતો જ. એટલું લીમીટેશન આવી જાય છે. આત્માને-બ્રહ્મને એવું લિમિટેશન્સ નથી. એટલા માટે જ હું ઘણીવાર કહું છું કે મનુષ્ય છે તે ગમે તેટલો મોટો પણ ભગવાન નહિ થઈ શકે. બ્રહ્મની તોલે કદી નહિ આવી શકે કારણ કે નિમિત્ત છે પણ લિમિટેશન છે. એને એકસપાન્શન છે ખરું, બ્રહ્મના જેવું જ. પણ નિમિત્ત હોય ત્યારે જ તે તે પ્રકારનું - જ્યારે જેવું નિમિત્ત હોય ત્યારે તે તે પ્રકારનું તેવું એક્સપાનસન.

સ્વજન : મોટા, એનો અર્થ તો એવો થયો ને કે તમારી ઇન્ડીવીજ્યુઅલ પર્સનાલીટીનું અસ્તિત્વ જ્યાં સુધી નિમિત્ત હોય ત્યાં સુધી રહે. પછી તમે બ્રહ્મમાં લીન થઈ જાઓ. તમે બ્રહ્મ જેટલા ખરા પણ તમારી ઇન્ડીવીજ્યુઅલ પર્સનાલીટી ના રહે.

શ્રીમોટા : તમારી ઇન્ડીવીજ્યુઅલ પર્સનાલીટી ના રહે. નિમિત્ત પ્રગટે ત્યારે ઇન્ડીવીજ્યુઅલ પર્સનાલીટી પછી કંઈ ના રહે તે ખરું. એટલા પૂરતું કહેવાય. પણ એને જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી તેને નિમિત્ત તો છે જ. શરીર પણ એનું નિમિત્ત રૂપે જ છે. એ પણ એને ખબર પડે છે કે આ નિમિત્તરૂપે જ શરીર છે મારું.

સ્વજન : એટલે એટલી કોન્શ્યસનેસ, અવેરનેસ ડેવલપ થઈ જાય. તે વખતે ?

શ્રીમોટા : હા.

સ્વપ્ન

સ્વજન : મોટા સ્વપ્ન આવે તેની અવેરનેસ રાખવા પ્રયત્ન કરવો જોઈએ ?

શ્રીમોટા : સામાન્ય સ્વપ્ન આવે તો તેનો તો નહિ, પણ એબ્નોર્મલ હોય તો જાણે કે પ્રયત્ન કરીએ તો સારું. એટલે કે ઉચ્ચ પ્રકારનું ભાવનાત્મક સ્વપ્નું આવે તો જાણે રહે તો સારું. કારણ કે પછી આપણે જાગ્રત સ્થિતિમાં આવી જઈએ ત્યારે એ આપણને મદદ કરે વિશેષ. એ વખતે અવેરનેસ રાખી શક્યા હોઈએ તો પછી આપણે જાગૃત સ્થિતિમાં આવીએ. ઊંઘમાંથી જાગ્રત સ્થિતિમાં આવી ગયા હોઈએ તો તે ભાવના વિશેષ પ્રગટાવવાને આપણને મદદરૂપ થાય છે. એ વાત સાચી છે. એટલે એવો આપણને વધારે ને વધારે પુરુષાર્થ થતો જાય છે. ત્યારે એવું થાય છે ખરું. પછી ધીરે ધીરે ધીરે સ્વપ્નનો પ્રકાર બદલાઈ જાય છે. ઊંઘનો પ્રકાર બદલાઈ જાય છે. ખાવાનો પ્રકાર બદલાય - તો શી રીતે બદલાય ? ઓછું થતું જાય સ્વાદ રહે ખરો. સ્વાદ ન હોય તો પચે નહિ પણ એની લોલુપતા, ઝંખના જતી રહે.

(શ્રી રમણભાઈ બી. અમીન સાથે
તા. ૧૬-૬-૧૯૭૫માં બેંગ્લોરમાં થયેલો સત્સંગ)

શ્રી મનસુખભાઈ જોશી, કડોદરા જિ. સુરત દ્વારા સાક્ષાત્કાર દિનની ઉજવણી પ્રસંગે પ્રકાશિત

હરિઃૐ

૮. ભાવબ્રહ્મનું નિરૂપણ

– શ્રી કેશવલાલ જી. ત્રિવેદી (વેદાન્તશાસ્ત્રી)

(અઠયાસી અનુષ્ટુપમાં વહેતી પૂ. શ્રીમોટાની આ વાગ્ધારા આપણને અજાણ્યા પ્રદેશમાં ખેંચે છે. અજાણ્યો એવો કે જ્યાં જવાનું મન બધા સાધકોને થાય છે પણ જવું કેમ, તે ખ્યાલ હોતો નથી. તે પ્રદેશનો ઈતિહાસ કર્ણોપકર્ણ ભાંગ્યો-તૂટયો ઘણાને માલૂમ હોય છે. પણ ભૂગોળ માલૂમ નથી હોતી. અહીં તે ભાવ પ્રદેશનાં ઈતિહાસ અને ભૂગોળ બંને રજૂ કરાયાં છે. ઈતિહાસ જાણી માણસ ભૂતકાળમાં રમે છે. તેનો વર્તમાન ઉપયોગ વિશિષ્ટ બુદ્ધિ માગી લે છે. જ્યારે ભૂગોળદર્શન તમને વર્તમાનમાં રમાડે છે. એટલું જ નહિ, તે તે પ્રદેશ સાથે તાદાત્મ્ય પણ તે ક્ષણ પૂરતું તો જરૂર કરાવે છે અને એકવાર તેનું જેને તાદત્મ્ય થયું તેની જિજ્ઞાસા તીવ્ર થાય છે. તે જિજ્ઞાસા આપણામાં ઉત્પન્ન કરવા, જલહીન પ્રદેશમાં મત્સ્યને થોડીવારમાં પણ જે તરફડાટ અનુભવાય છે તેવા તરફડાટ આપણામાં ઉત્પન્ન કરવા પૂજ્ય શ્રીમોટાનો આ અનુગ્રહ છે. પૂજ્યશ્રીની ચેતનાના અનુસંધાનપૂર્વક આ અઠયાસી કડીઓ વાંચશે તેને ઉક્ત અનુભવની દિશામાં જવાનું મન જરૂર થશે. આ લેખમા આ અઠયાસી કડીઓમાં રહેલું રહસ્ય સ્ફુટ કરવા નમ્ર પ્રયાસ કર્યો છે.)

પૂજ્ય શ્રીમોટાએ આ ૮૮ અનુષ્ટુપ કડીઓમાં જે રહસ્ય પ્રગટ કર્યું છે તે બધું ‘‘આવા પ્રસંગ ટાણે (આ) ખુલ્લું મૂકી દઉં હવે’ ! એમ કહેતાં સ્પષ્ટ કરી આપ્યું છે. ધ્યેય, સ્વરૂપ અવાંતર પ્રકારો અને ઉપાયો એમ સર્વતોદેશીય રજૂઆત કરેલી છે.

પ્રકૃત્તિથી ઊર્ધ્વ પ્રદેશમાં જઈ દેહાત્મભાવ એટલે કે દેહ છે તે આત્મા છે અને આત્મા છે તે દેહ છે તેવી નિમ્ન પ્રકારની સર્વે સાધારણ સ્થિતિમાંથી ઉપર જઈ હૃદયમાં આનંદવિભોર સ્થિતિ સતત જીવતીજાગતી અનુભવ્યા કરવી તે ધ્યેય છે.

પણ આ સ્થિતિનું સ્વરૂપ કેવું હોય તે વિષે પૂજ્યશ્રીએ વિસ્તારથી જણાવ્યું છે; તે જોઈએ. ‘‘આ ભાવમય સ્થિતિ શું છે ? આ ભાવ પોતે શું છે ? તે સ્પષ્ટ સમજાતું ન હોતું. મોટા, તમો આ બધું સમજાય તેવું સ્પષ્ટ કહો’’ એમ વારંવારનો કોઈ ભક્તનો પ્રશ્નવિનંતી આ જ્ઞાનગંગાનુ નિમિત્ત બને છે.

ભાવ સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. અવ્યકત છે.

તો પછી થયું ત્યારે કોઈને કશી સમજમાં જ ન આવે અને ત્યારે તો નથી જ એમ કહેવું શું ખોટું ?

ના, તેવું નથી, અવ્યકત હોવા છતાં તે આધારે ઇન્દ્રિયયુક્ત શરીરમાં, કહોને, રોમરોમમાં પ્રસરે છે, ત્યારે વ્યક્ત થાય છે પણ તે હૃદયમાં અનુભવાય છે. તેનું કંઈ મૂર્ત સ્વરૂપ નથી કે આંખથી જુઓ કે કાનથી સાંભળો આ અનુભવ વર્ણવવાની શબ્દની પૂરી શક્તિ નથી એટલે તે શબ્દાતીત છે, છતાં અનુભવ ગમ્ય છે.

આ સ્થિતિમાં સંકલ્પ વિકલ્પ નથી હોતા, એટલે મનનું સ્પંદન માત્ર નથી હોતું, એટલે પૂરી એકાગ્રતા હોય છે. અહીં કોઈને એમ લાગે કે ત્યારે તો પથ્થર જેવી જડ એકાગ્રતા થઇ કારણ કે મનનું સ્પન્દન ત્યાં પણ નથી હોતું, સુખદુ:ખ-ભાવ પણ નથી હોતા. ત્યારે પૂજ્યશ્રી ખુલાસો કરે છે ના. આ તો **‘‘નીરવતા ભરી લાગે’’** એટલે ભરી ભરી લાગે છે. **મતલબ કે એકાગ્રતા ચેતના સભર હોય છે ભાવ-ચેતના એકાકાર હોય છે. આ આનંદવિભોર સ્થિતિ છે પણ આ સુલભ દશા નથી.** તે સાધતાં સાધકે કેટલાક તબક્કામાંથી પસાર થવું પડે છે.

‘મોટા ! પણ આ પ્રકૃતિથી ઊર્ધ્વ દશામાં જવું શી રીતે !’ એમ ઘણા સાધકો તેઓશ્રીને પૂછતા હોય છે. સાધકોનો પ્રશ્ન પણ મુદ્દાનો છે કારણ કે ફકત

વાતોથી વડાં થતાં નથી. પૂજ્યશ્રી જવાબ તુરત શરૂ કરે છે-**આપણે જ્યારે સંસારિક દશામાં હોઈએ છીએ ત્યારે સુખદુ:ખાદિ દ્વન્દ્વોના નિમ્ન પ્રદેશમાં હોઈએ છીએ તે કંઈ ભાવ-પ્રદેશ નથી. તે તો ઘણીજ ઊર્ધ્વ સ્થિતિએ છે. એક વખત પ્રકૃતિથી ઊર્ધ્વ જઈ શક્યા એટલે માર્ગ મોકળો થયો.** અહીં એક વાત સમજવા જેવી છે. આપણે સામાન્ય, બધા માણસોને **'શરીર તે આત્મા અને આત્મા તે શરીર-એવો દેહાત્મભાવ હોય છે અને તે રીતે જ આપણા સઘળા વ્યવહાર ચાલતા હોય છે. જ્યારે પોતાના શરીરથી તે અહં પ્રત્યય સુધી સમગ્રને સાક્ષીભાવે જોવાની ટેવ પડે અને એ અનુભૂતિ વધતી જાય તેટલા તમો પ્રકૃતિથી ઊર્ધ્વ જઈ રહ્યા છો તેમ સમજવું.**

આને માટે પાયાના ઉપાયોમાં નામસ્મરણ, પ્રાર્થના, ભજન-કીર્તનોથી અભ્યાસ શરૂ કરવો જોઈએ. જેમ અભ્યાસ પડતો (વધતો) જશે તેમ તે તરફ રસ વધતો જશે. મનના વ્યવહારો શાન્ત થતા જશે અને ત્યાં ભાવનો ઉદય થશે. (૧૦-૧૧)

આ અભ્યાસ = स तु दीर्घकालनैरन्तार्यसत्कारा–सेवितो द्रढभूमिः । એ પાતંજલ સૂત્ર અનુસાર લાંબા વખત સુધી શ્રદ્ધાસહૃદયતાથી જેટલો સેવીશું તેટલો તે દઢ થતો જશે. ફકત યાંત્રિક રીતે નામસ્મરણ, ભજનાદિ કરવાથી પણ સિદ્ધિ-પ્રાપ્તિથી આગળ પૂજ્યશ્રી કહે છે ઉચ્ચ મનન-ચિંતનમાં મનાદિ પરોવવાં — આદિથી સર્વ ઇન્દ્રિયોનું ગ્રહણ કરવું. એટલે મન ઇન્દ્રિયોને હૃદયના ઊર્ધ્વ પ્રદેશમાં પરોવવાં જોઈએ. આમ પ્રકૃતિથી ઊર્ધ્વ જવાનો અભ્યાસ પડ્યો એટલે શરૂમાં તો એકાકાર વૃત્તિ સ્તબ્ધતા જેવી જણાશે પણ તે સ્ફુરેલો ભાવ અંતઃકરણના સંસ્કારોને મૂળથી સ્પર્શવા માંડશે-ધીમે ધીમે શુદ્ધિકરણ કરતાં તે ભાવ મનને અણિશુધ્ધ કરી મૂલાધારથી સહસ્ર - દળ સુધી અભિવ્યાપ્ત થતાં આખા શરીરમાં તે ભાવથી અલૌકિક ચેતના પ્રવર્તતી અનુભવાશે. તેને કોઈ નિશ્ચિત આકાર નથી પણ સતત-જાગ્રત સાવધાન રહી તે ભાવને જે સત્કારે છે એટલે એમાં જેનું મન રમવા માંડે છે, અન્ય વિષયથી વિમુખ થઈ અંતર્મુખ બને છે, તેનો ભાવ ગાઢતાના ઉચ્ચ શિખરોને સર કરતો, પૂર્ણતાએ પહોંચતો પછી રોમરોમમાં ઉતરે છે. ભાવચેતનાથી આનંદવિભોર પુલકિત ગાત્ર રહ્યા કરે છે. પારસમણિ, સ્વભાવથી જ, જેને સ્પર્શે છે તેને બદલવાને ચાહે છે. તેનો થોડો શો સ્પર્શ પણ ઘણું ઘણું કરી શકે છે. ઉપનિષદોમાં જેને एतस्यैबानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति એમ કહેલ છે. આ આનંદના એક અંશના આધારે ભૂતમાત્ર ટકી રહ્યાં છે. આવા પ્રકારનું કાવ્યમય શૈલીમાં ઉપનિષદો જેનું યશોગાન ગાય છે તે આ ભાવાનન્દની વાત થઈ રહી છે. આ ભાવમાં ગતિ છે-એક વખત ચેત્યો એટલે તે તેનો રસ્તો કર્યે જાય છે. તેની ગતિ એકધારી સીધી સરળ છે તેવું નથી. તેને આડખીલીઓ નડે પણ ખરી, ધીમી ગતિ થાય, થોડો વખત સુપ્ત જેવો પણ લાગે, છતાં તે તેનું કામ તેના સ્પર્શથી જ્યાં છે ત્યાંનો ત્યાં, સ્પર્શથી આડખીલીઓ ઓળંગાવાનું સામર્થ્ય ધરાવે છે-મતલબ તેની ચોક્કસ ગતિ નથી. અકળ ગતિ છે. પણ સાધકે સદા જાગૃત રહીને પોતાનું કાર્ય કરે જવાનું રહે છે. **મનન-ચિંતન દ્વારા નિત્ય અભ્યાસમાં રહેવું તે સાધકનો અટલ ધર્મ છે. તેને જ ભાવ સમાધિ પ્રાપ્ત થાય** અને એકવાર પણ સ્વાદ જેને મળ્યો તે તો પછી તેના તરફ અભૂતપૂર્વ રીતે આકર્ષાયે જશે અને તે સ્થિતિ વગર જાણે તેને ચેન નહિ પડે-**જેમ અભ્યાસ વધતો જશે અને પાત્રતા વધતી જશે તેમ તેમ તેની સ્થિરતા પણ વધતી જશે.**

આ ભાવની ખૂબી એ છે કે તેથી કંઇ અકર્મણ્યતા આવે છે તેમ ન સમજવું. સહજ ભાવે બધા કર્મ કરાવતો છતાં તે સાધકને નિત્યાનંદમાં રાખી શકે છે. પણ તે કોઈ યોજનાપૂર્વક કર્મ કરતો નથી. સહજ ભાવે બધું થાય છે. આપમેળે સ્ફુરણ થતાં કર્મ થયે જાય છે આવો તે ભાવનો પ્રતાપ છે (૩૩-૩૬)

ભાવના સાકાર પરિણામ માટે કર્મ તો ખરેખર અગત્યનાં છે અને પ્રભુપ્રીત્યર્થ તે આચરવાં જ જોઈએ (૫૩) એટલે અકર્મણ્યતાને તો આ સ્થિતિમાં સ્થાન નથી અને સહજ ભાવે થતાં તેના કર્મ યજ્ઞમાં પરિણમે છે તેથી તે બન્ધનકર્તા નથી કેમકે यज्ञायचरतः कर्म समग्रं प्रविलीयते । (ગીતાજી-૪-૨૩) આનું મુખ્ય કારણ તે કોઈ રાગદ્વેષથી આરંભેલાં નથી હોતાં. અતઃપ્રેરણાથી તે સહજ ભાવે થતાં હોય છે. આમ ભાવમાં જ્ઞાનનો ભાગ, ભક્તિપૂર્ણ, તે બંને સાથે સહજ ભાવે જન્મતાં કર્મ, આમ ત્રિવેણી સંગમ છે. **જ્ઞાનનો ભાગ એટલે અંશ, ભાગ શબ્દનો પૂજ્યશ્રીએ પ્રયોગ કર્યો છે. તેથી તે વિષયવિશિષ્ટ જ્ઞાન લેવું પડે.** ભક્તિની વ્યાખ્યા તો શ્રીરામાનુજાચાર્યે તેમના શ્રીભાષ્યમાં આપેલી છે તે સન્તોને ઇષ્ટ છે. साक्षात्कार पर्यवसायी तैलवारावदविच्छिनाः स्मृतिसन्तनो भक्तिः । **સાક્ષાત્કારમાં પરિણામ પામતો તેલની ધારની જેમ સતત ઈષ્ટસ્મરણનો પ્રવાહ હૃદયમાં વહેતો રહેતો હોય તેનું નામ ભક્તિ.**

આમ જે સાધક નિરાડમ્બર ભાવે પોતાની સાધનામાં સદગુરુના સ્મરણ સાથે આગળ વધે જાય છે તે દીર્ઘ અભ્યાસના અંતે અખંડાકાર ભાવ પ્રાપ્ત થતાં જીવનમાં પોતે પોતાનો સંચાલક બને છે. અને સઘળો વ્યવહાર આનંદથી ચલાવે જાય છે. અહીં નિરાશાને સ્થાન નથી. જેને યથા પ્રાપ્ત બધું ઇષ્ટ છે ત્યાં નિરાશા બાપડી રહી જ ક્યાં ?

આ ભાવના ત્રણ પ્રકાર પૂજ્યશ્રી વર્ણવે છે. **દીર્ઘ અભ્યાસને અંતે પ્રકટેલો ભાવ-પછીનો કેળવાયેલ ભાવ અને સર્વોત્તમ તો મૌલિક ભાવ જે આપ મેળે સ્ફુરતો જેને સહજભાવ કહેવાય તે. ત્રણેમાં તારતમ્ય છે પણ સહજ-ભાવ તે ઉત્તમ-સર્વોત્તમ ગણાયો છે. પણ આ સિધ્ધિની સીડીના પ્રત્યેક સોપાન ચઢવામાં અખૂટ ધૈર્ય, પ્રચંડ અગ્નિના જેવી ધગધગતી જિજ્ઞાસા સાચો તલસાટ માંગી લ્યે છે. તે સાધક જ ઊર્ધ્વ જવા શક્તિમાન થઈ શકે છે.** બાકી કાચા પોચાનું તો આમાં ગજું નહિ **"હરિનો માર્ગ તો છે શૂરાનો"** તેના જેવું. **આ જ જિન્દગીની ખરી કમાણી છે. અને જેને તે પ્રાપ્ત થઈ તેને સર્વ પ્રાપ્ત થયું. તેને બીજું કંઈ મેળવવાનું બાકી રહેતું નથી.**

હવે આનાથી પણ **છેલ્લી ઉત્તમ કોટી એટલે કે ભાવદશાને પણ જે સાક્ષીની અદાથી જોયા કરે ભાવમગ્ન છતાં અલિપ્ત શો રહી શકે-તાદાત્મ્ય અનુભવતો છતાં નિરાળો અને નિરાળો જે સાધક રહી શકે તે અન્તિમ કોટીએ પહોંચ્યો છે તેમ સમજવું, એટલે કે સિદ્ધ થયો.** આ ભાવાતીત અવસ્થા છે અને તે સાક્ષીભાવ કેળવાયા પછી માણી શકાય છે. જોકે, માણી શકાય છે તે શબ્દ પ્રયોગ માત્ર સમજવો સાક્ષીભાવ કેળવાયો નથી ત્યાં સુધી ભાવમાં ડૂબી જવાની શકયતા પૂરેપૂરી છે. એટલે ઉચ્ચતમ શિખરે પહોંચવાનું સાક્ષીભાવ પ્રાપ્ત થયે જ બને છે, જે અન્તિમ શિખર છે. બ્રહ્મીભાવ કહેવાય છે. ગીતાજીના નીચેના શ્લોકથી તે નિર્દિષ્ટ છે.

ब्रह्मणो हि प्रतिष्ठाऽ हममृतस्याव्ययस्य च ।
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥

(સ્મૃતિગ્રંથ પુસ્તકમાંથી, પૃ. ૫૩-૫૫)

૯. સમૃદ્ધિ વિષે (પૂજ્ય શ્રીમોટાનું ઉદ્‌બોધન)

સંકલન : સ્વ. ડૉ. રમેશભાઈ મ. ભટ્ટ

સમષ્ટિની સમૃદ્ધિ વિષે આપણે વિચાર કરતા થઈ જવું જોઈએ. વ્યક્તિના સ્વાર્થની વાત મૂકી દેવી પડશે. કાળ એવો આવે છે, કે પહેલું સમગ્રતાનું લક્ષ રાખવું પડશે. આ સમૃદ્ધિ વિષેનો વિચાર છે એનો આજે દુનિયામાં પવન ફૂંકાવા લાગ્યો છે. એની પાછળ આપણી સમૃદ્ધિ પણ છે. આજે આપણા દેશમાં પણ એ જાતના પગલાં લેવાઈ રહ્યાં છે. પણ જે રીતે પગલાં લેવાવાં જોઈએ કે જેથી દેશની સમૃદ્ધિ વધે, દેશનો વિકાસ થાય તે રીતે પગલાં નથી લેવાતાં. જે કોઈ આજે અર્થશાસ્ત્ર ભણેલા હોય - તેમાં નિપૂણતા મેળવી છે એને બરાબર ખબર છે કે રાજતંત્રની નીતિ બહુ ગેરવાજબી છે. સમાજનું કેટલું બધું નુકસાન થઈ ગયું છે. આપણે બધા બહુ પાછળ છીએ. આપણા દેશના અર્થતંત્ર વિશે, અર્થશાસ્ત્ર જાણનારા માણસોએ આપણી સરકારને કાગળો લખેલા છે. મેમોરેન્ડમ પણ આપેલા છે. એ લોકોએ આપણી સરકાર પર કાગળો લખેલા હોય કે ગમે તે હોય, પણ તમે બધા ભણેલા ગણેલા છો. પણ કેટલા આમાંથી સમજતા હશે તે ભગવાન જાણે ! આજે આપણા દેશનું અર્થશાસ્ત્ર, અર્થનીતિ ક્રાઈસીસ (=કટોકટી)માં છે. એની ભાગ્યે જ આપણને ખબર પડે.

ઉદ્યોગ વિના તો ચાલવાનું નથી. ઉદ્યોગ વિના તો દેશ આગળ આવવાનો નથી. પણ મારો કહેવાનો અર્થ એ કે હવે આપણે વ્યક્તિની વાત, વ્યક્તિના સ્વાર્થની વાત છોડી દેવી પડશે. એ બધું અત્યાર સુધી ચાલ્યા કર્યું. પણ હવે નહિ ચાલે. જે ચાલતું હતું તે ચાલ્યું, હવે કોઈ ચલવશે તો ખત્તાં ખાશે. આ આપણે નહિ સમજીએ તો સમાજ આપણને ઉખેડીને ફેંકી દેશે. અંગત સ્વાર્થની વાત મૂકી દઈએ, સમાજના સ્વાર્થની વાત - સમષ્ટિના સ્વાર્થની વાત આપણે એ રીતે મનમાં રાખીએ અને એ તરફ સમાજનો વિકાસ થાય એ રીતે આપણે વિચારતા થઈએ. માત્ર બૌદ્ધિક રીતે-વિચારવાનું નહિ, પણ કર્તવ્યની રીતે. તમે કરો છો ? તમે બોલનારા, ભાષણ કરનારા કંઈ કહેવાની જરૂર નથી. આ તો બધાંનો દેખાવ છે - મનથી - બુદ્ધિથી દેખાય એવી રીતે કહું છું. એમ ને એમ ખાલી કહેતો નથી. મારા ગુરુમહારાજ મને લાત મારે. આજે પણ જો ખાલી ખાલી બોલું તો મને છોડે નહિ. હું આચરીને સાચું કહું છું. સમાજનું હિત-કલ્યાણ આ રીતે વિચારીશું નહિ, કાળના પ્રવાહની સાથે આપણે નહિ રહીએ તો આપણે ફેંકાઈ જઈશું.

તદ્રુપ-સર્વરૂપ-પૃ. ૧૭૯-૧૮૦

અનુસંધાન પેજ નં. ૬ ઉપરથી

વિચારની સાંકળ ન જોડાય એટલા માટે 'નામસ્મરણ' એક ઉત્તમ સાધન છે. નામસ્મરણના લાંબાગાળાના અભ્યાસથી મન શાંત થતાં એકાગ્રતા સધાય છે અને ચિત્તના સંસ્કારોનો ક્ષય થતાં ચિત્ત શુદ્ધ થાય છે. મનમાંથી જેમ જેમ વિચારો ઊભરાય તેમ તેમ ભગવાનના નામનું સ્મરણ આપણાથી વધુ વેગથી થાય એવી પ્રભુકૃપા માટે આપણે પ્રભુને યાચના કર્યા કરવી. **પ્રાર્થના એ નામસ્મરણ સાથેનું મહત્ત્વનું સાધન છે. એક વિચાર પ્રગટતાં "હરિઃૐ" બોલાય ત્યાં બીજા ચાર વિચારો આવે અને "હરિઃૐ" બોલાય એમ વિચારોની સાંકળ જોડવાની કડીની જગાએ નામસ્મરણથી અવકાશ પેદા થાય. એથી આપોઆપ વિચારોની સાંકળ બને જ નહિ.**

આમ નામસ્મરણજી સાથે-સાથે જાગૃતિ અને સાક્ષીભાવ રાખવાથી વિચારોની સાંકળ જોડાતી ધીમે ધીમે અટકશે. પરિણામે આપણા અંતઃકરણોમાં શાંતિ સ્થપાતી જશે.

૧૦-૮-૧૯૯૫, બળેવ.

હરિઃૐ

('સમજની બારી', પ્રથમ આવૃત્તિ, પૃ. ૨૮-૩૧)

પ્રભુનો સાદ – શ્રીમોટા

તા. ૨-૧-૪૫

પ્રભુને દિલ જો ચાહો ખરા ઉરના ઉમળકાથી
ત્હમોથી તો ન તે અળગો, ત્હમે અળગા ન એનાથી

સ્વભાવે આપણે હોવું પ્રભુને દિલ ના ધરવો,
પછી ફરિયાદ કરવાને રે આપણને કશો હકશો !

પ્રભુને જે ગમે તેવી રીતે ના વર્તવું ધારો
કરો સૌ ફાવતું, ગરદન પ્રભુને કાં પછી મારો

પ્રભુમાં જીવ રાખીને પ્રભુની ધારણા જીવતી
બધાં સૌ કર્મમાં રાખી લઈ જુઓ પરીક્ષાશી ।

પ્રભુને સાદ દેવાનું હૃદયના આર્તનાદેથી
પરોવી ભાવમાં મનને કરી જુઓ, બને છે શી !

વળાંકો મન તણાં ઊઠતાં તમારે તે રીતે જીવવું
મથામણ કંઈ થતાં હૈયે ન ચેતીને ન વિચારો ?

હૃદયમાં પ્રેમભાવેથી પ્રભુમાં એકતારે થૈ
ને જોડાવાનું રાખો છો, કરે ત્યાં બાપડો શું તે

ખરેખર ઉરમાં ધરવા તમારી ચેતના સ્મૃતિને
મથે પ્રભુની કૃપાથી તે છતાં કારી ન ફાવે છે.

હૃદયમાં પ્રિય સ્વજનોના વિચારો આડફંટા જે
થતાં આંદોલનો જગવી અમને બેચેન બનાવે છે.

સ્વજન સૌ પાંસરા રે'જો, પ્રભુને યાદ કરવામાં
તમારી શક્તિ વાપરજો રહીને જાગૃતિવાળા.

તમારી ચેતના સ્મૃતિની હૃદયની શક્તિ એ મારું
જીવન સૌભાગ્ય માનું હું સદા એથી જીવું છું. હું

મને ગુંગળાવી મારો છો. ઘણી વેળા ઘણી વેળા
નથી ફરિયાદ કરવાની તમે એવાં અમારામાં

ન ચિનગારી હૃદય પ્રકટે પ્રકટવાને શું તૈયારી
પૂરેપૂરી ન રાખો કાં ઉમળકે ચેતનાવાળી

સ્વજન જો હોઈએ સાચા હૃદયની ભાવનાવાળા
સ્વજનને રાખવા જીવતું કૃપા કરજો સદા વ્હાલાં

પ્રવેશે છે તમારો જે હૃદયનો ભાવ મુજ વિષે
બોલે છે શક્તિ મારી તે તમોમાં તેથી જીવાયે

મને જો રાખવો જીવતો તમારામાં તમારે હો
હ્રદયનો પ્રેમનો ભાવ, થતાં કર્મે મને દેજો.

તમારામાં હૃદય જીવવા મને તો ભાવના કેવી
મળે ઉત્સાહવાળો ના પૂરો પ્રત્યુત્તર સામો

પડે બે હાથથી તાળી હવાં ચેતો કૃપા કરીને
જીવન એવું વહ્યું જાયે ન લાગે લ્હાય કાં તમને

(પત્રસંચય-૧, પ્રથમ, પૃ. ૮-૧૦)

હરિઃૐ આશ્રમ, નડીઆદ

- **તા. ૧૪-૦૯-૨૦૨૫ રવિવાર** — પૂજ્ય શ્રીમોટાનો ૧૨૮મો જન્મદિન ઉત્સવ
  (વધુ વિગત માટે ટાઈટલ પાના નં. ૨ ઉપર)
- **તા. ૦૨-૧૦-૨૦૨૫ સોમવાર** — દશેરા, વિજયાદશમી
  સવારે ૦૮-૩૦ કલાકે ધજારોહણ
  સવારે ૧૦-૩૦ કલાકે મહાપ્રસાદ
  (યજમાન આશરા પરિવાર)
- **તા. ૨૦-૧૦-૨૦૨૫ સોમવાર** — દિવાળી, ચોપડાપૂજન
  (ચોપડાપૂજનનો સમય ૧૦-૦૦ થી ૧૨-૦૦ સુધી)
- **તા. ૨૨-૧૦-૨૦૨૫ બુધવાર** — નૂતન વર્ષારંભ (વિક્રમ સંવત ૨૦૨૮ પ્રારંભ)

નોંધ : (૧) ચોપડાપૂજનના સમયે સ્વજનો અગાઉથી જાણ કરીને હાજર રહી શકશે.
(૨) જે વેપારી/સ્વજનોએ પોતાના ચોપડાપૂજન હરિઃૐ આશ્રમમાં કરાવવું હોય તેઓએ તા. ૧૮-૧૦-૨૦૨૫ના રોજ સાંજના ૫-૦૦ સુધીમાં ચોપડા આશ્રમમાં આપી જવા.

જન્મદિન મંગલાષ્ટક

આજે મંગલ ચોથના શુભ દિને કોટિ પ્રણામો તને,
'સો સો તું શરદો જીવો જગતમાં', એ પ્રાર્થીએ સૌ અમે,
કોટિ સૂર્ય સમા પ્રકાશદીપથી મુક્તિ સદેહે મળી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૧ ॥

તારા મંગલ જન્મથી બની ગયાં શાં ધન્ય માતાપિતા,
તારા ચેતન-જન્મથી સુરગણો આનંદભાગી બન્યા,
સ્વર્ગેથી સુરગંગ આજ તુજ શાં પાયો પખાળી રહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૨ ॥

પ્રીતિ પૂર્ણ પ્રભુ મહીં તવ રહી, ને ભાવ અદ્વૈતમાં,
સાક્ષાત્કાર કરી અનંત પ્રભુનાં તેં ગાન સુણાવિયાં,
તારી પૂર્ણ કૃપા વડે વહી રહી ધારા હરિનામની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૩ ॥

આત્માનંદ મહીં સદા વિચરતા, રહેતા છતાં અંગમાં,
અજ્ઞાતે રહીને તમે શિખવિયા આદર્શ મોંઘામૂલા,
કીર્તિ કે સ્તુતિની કરી ન પરવા, ના નામના તેં ચહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૪ ॥

મોચ્યાં પાપ અમાપ તેં અમ તણાં, વૃષ્ટિ કરી ભાવની,
તારી પ્રેમલ પાંખમાં સ્વજન સૌ પામ્યાં શીળી છાંયડી;
મીઠો સ્નેહ દીધો ધરિત્રી સમ તેં વાત્સલ્ય-મૂર્તિ બની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૫ ॥

સૌના દોષ અસંખ્ય ને અવગુણો ચિત્તે લીધા ના કદી,
સત્કર્મો કરવા તણી જીવનમાં તેં પ્રેરણા શી દીધી.
કસ્તુરી સમ મ્હેંકતી તુજ તણી સુવાસ ફેલાયેલી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૬ ॥

આજે મંગલપર્વને ઉજવવા સૌ પ્રેમી ભેગાં મળ્યાં,
ભાવોની શુભ અંજલિ સમર્પી સદ્‌ભાગ્યશાળી બન્યાં;
આત્માના પ્રતિબિંબની તુજ છબી આજે અલૌકિક શી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ-ભાગીરથી ! ॥ ૭ ॥

હૈયાના મુજ હેતનું તિલક હો ને ભાવની દક્ષિણા,
અર્ચા હો મુજ સ્નેહની તવ પદે ને દિલની વંદના.
પુષ્પો મંગલ-ભાવના શુભ ગ્રહી ને ઉર તારે ગૂંથી,
માળા આ મુજ પ્રીતની ધરી રહું સ્વીકારજો પ્રેમથી ! ॥ ૮ ॥

– પુષ્પાબહેન દલાલ

(Printed Matter)

Bi-monthly RNI No. GUJGUJ/2018/76364

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL